# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૪ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૨૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેવી રીતે મલિન દર્પણમાં પોતાનું યથાર્થરૂપ દેખાતું નથી તેમ રાગાદિ દોષોથી મલિન આત્મ-પરિણતિમાં આત્માનું યથાર્થ સ્વરૂપ દેખાતું નથી. ૧૭૮૦.

(શ્રી કુંદકુંદાચાર્ય, રયણસાર, ગાથા-૧૦૪)

● "મનુષ્યપણું, આપ્ત ઉપદિષ્ટીત શ્રુતધર્મનું શ્રવણ, તે પ્રત્યે શ્રદ્ધા, અને અંતમાં સંયમને વિષે બળ—પરાક્રમનું ખર્ચવું એ ઉત્તરોત્તર અતિ અતિ દુર્લભ છે—એમ જાણી ઉપરોક્ત ચાર પરમ મંગલમાંથી મળેલ મનુષ્યપણાને બાકીના ત્રણ પરમ મંગલથી અલંકૃત કરો, શોભાવો !" રાજપદ તો શું પણ તેથીએ ઉત્કૃષ્ટ અનુપમ લક્ષ્મીના હેતુભૂત ધર્મને પ્રાપ્ત કરવાની આ અપ્રાપ્ય મોસમમાં કુસકા (વિનાશી વિભૂતિ) લેવા ભણી દોડી વ્યર્થ કાળ વ્યય કરવો એ સુબુદ્ધિમાનને યોગ્ય નથી. રાજ્યાદિ વિનાશી ચપળ વિભૂતિ તો ધર્મમાર્ગે પ્રયાણ કરતાં વચ્ચે વચ્ચે સહેજે આવી મળશે. એ તરફની અતિ ઘેલી આતુરતા છોડો. ૧૭૮૧.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૯૫)

● જો પુરુષ પુણ્યકો ધર્મ જાનકર શ્રદ્ધાન કરતે હૈં, પ્રતીતિ કરતે હૈ, રુચિ કરતે હૈં ઔર સ્પર્શ કરતે હૈં ઉનકે 'પુણ્ય' ભોગકા નિમિત્ત હૈ ઈસસે સ્વર્ગાદિક ભોગ પાતા હૈ ઔર વહ પુણ્ય કર્મકે ક્ષયકા નિમિત્ત નહીં હોતા હૈ, યહ પ્રગટ જાનના ચાહિયે. ૧૭૮૨.

(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૮૪)

● જે વચન જીવોનું ઈષ્ટ-હિત કરનારું હોય તે વચન અસત્ય હોય તોપણ સત્ય છે અને જે વચન પાપસહિત હિંસારૂપ કાર્યને પુષ્ટ કરતું હોય તો તે સત્ય હોય તો પણ અસત્ય અને નીંદનીય છે. ૧૭૮૩.(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૯, ગાથા-૨)

● જો ઝુંપડીમાં આગ લાગી જાય તો તે ઝુંપડીમાં લાગેલી અગ્નિ ઝુંપડીને જ બાળે છે, પરંતુ તેની અંદર રહેલા આકાશને (—ખાલી જગ્યાને) બાળતી નથી; તેવી રીતે જે શરીરમાં નાના પ્રકારે રોગ ઉત્પન્ન થાય છે તે રોગ તે શરીરને જ નષ્ટ કરે છે, પરંતુ તે શરીરમાં રહેલા નિર્મળ જ્ઞાનમય આત્માને નષ્ટ કરતો નથી. ૧૭૮૪.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, ગાથા-૨૩)

વર્ષ–૧૪
અંક–૫




વિ. સંવત
૨૦૭૫
January
A.D. 2020



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(સમયસાર ગાથા ૭૨ ઉપર પ્રવચન)

પ્રભુમાં અકાર્યકારણ નામનો એક ગુણ છે ને તેનું રૂપ જ્ઞાનગુણમાં છે, તેથી રાગ એ જ્ઞાનનું કાર્ય નહીં ને રાગ એ જ્ઞાનનું કારણ નહીં. પ્રભુ તો આસ્રવનું-દુઃખનું કારણ નથી, અકારણ જ છે. શુભાશુભભાવનું ભગવાન અકારણ છે. આત્માની પર્યાયમાં થતાં દયા-દાન આદિના ભાવ એ દુઃખ છે તેનું કારણ આત્મા છે જ નહીં. પર્યાયમાં જે શુભાશુભભાવ થાય એ દુઃખરૂપ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે રાગ છે, દુઃખરૂપ છે, એ ભાવનું કારણ આત્મા નથી. અહિંસા-સત્ય આદિનો વિકલ્પ થાય તે આસ્રવ છે, દુઃખરૂપ છે, તેનું કારણ આત્મા નથી. તીર્થંકર ગોત્ર બાંધવાના જીવના પરિણામ એ દુઃખરૂપ છે, તેનું કારણ ભગવાન આત્મા નથી. એમ અહીં આચાર્યદેવ ભગવાન સીમંધરસ્વામી પાસેથી સાંભળેલી વાત કહે છે.

આત્મા તો આનંદસ્વરૂપ છે તે દુઃખનું કારણ કેમ હોય ? અધર્મની જે વિકૃતદશા ઉત્પન્ન થાય તેનું કારણ આનંદસ્વરૂપ આત્મા કેમ હોય ? આનંદસ્વરૂપ આત્મા તો આનંદની દશાનું કારણ છે. તે વ્યવહારરત્નત્રયના રાગનું—આસ્રવ દુઃખરૂપ છે તેનું કારણ કેમ હોય ? ધર્મસ્વભાવથી ભરેલ આત્માને કારણ બનાવ તો ધર્મની દશાનું કાર્ય થાય પણ રાગને કારણ બનાવીને ધર્મદશાનું કાર્ય થાય એમ નથી. લાખ-કરોડ રાગની ક્રિયા કરે પણ ધર્મની દશાનું એ કારણ નથી, કારણપરમાત્મા પોતે એ ધર્મદશાનું કારણ છે.

> **તાસ ભેદ દો હૈં, પરોક્ષ પરતછ તિન માહીં,**
> **મતિ શ્રુત દોય પરોક્ષ, અક્ષ-મનતૈં ઉપજાહીં;** –શ્રી છઢાળા

## બન્નેનો ભેદ જાણે છે તે જ વખતે આસ્રવોથી નિવર્તે છે

આ રીતે સ્વભાવ ને રાગનો ભાવ એ બે ભિન્ન છે તેથી રાગ અને આત્મસ્વભાવની જુદાઈ જાણીને–દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે ત્યારે તે આત્મા તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે એટલે કે ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે અને તેનાથી વિરુદ્ધ રાગાદિના ભાવનો પ્રેમ તે ક્રોધ છે એમ બન્નેનો ભેદ જાણે છે ત્યારે તે જ વખતે ક્રોધાદિથી નિવૃત્ત થાય છે ને સ્વભાવની સન્મુખ થાય છે.

પુણ્ય-પાપના ભાવથી ભિન્ન હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય આનંદ છું–એમ આત્મા ને આસ્રવનો જ્યારે ભેદ જાણે છે ને ભેદ કરે છે તે જ વખતે આસ્રવથી નિવૃત્ત થાય છે એટલે કે શુભાશુભભાવ મારા છે એવી જે માન્યતા હતી તેનાથી નિવૃત્ત થાય છે અર્થાત્ રાગના પ્રેમથી નિવૃત્ત થાય છે. સ્વભાવભાવ અને તેનાથી વિરુદ્ધ ભાવ એ બેની વહેંચણીથી–બેની જુદાઈથી, એ ક્રોધાદિભાવ મારા છે એવી જે શ્રદ્ધા હતી, એ શ્રદ્ધાથી નિવૃત્ત થાય છે.

જેમ ફોતરા ને દાણો એ બેને જુદા જાણે તો ફોતરા કાઢી નાખે તેમ પુણ્ય-પાપના ભાવ એ ફોતરા છે તે ભગવાન જ્ઞાનસ્વરૂપી એ દાણો છે. એ બેને જ્યારે જુદા જાણે ત્યારે પુણ્ય-પાપના ભાવથી ફોતરા મારા એવી માન્યતાથી નિવર્તે છે, પુણ્ય-પાપરૂપી ફોતરાને શ્રદ્ધામાંથી કાઢી નાખે છે. પુણ્ય-પાપના ભાવ મારા એ અભિપ્રાયમાંથી–શ્રદ્ધામાંથી છૂટી જાય છે.

પોતાનું કપડું ધોબીને ધોવા આપેલું પછી પાછું લાવ્યો ત્યારે બીજાનું આવી ગયેલું એ કપડું પહેરીને બેઠો ત્યાં એ કપડાનો મૂળ ધણી આવ્યો કે આ કપડું તારું નથી મારું છે, જો મારું નામ લખેલ છે, તારા નામવાળું આ કપડું નથી. ત્યાં ચિહ્ન જોતા, અરે ! આ મારું કપડું નથી એમ અભિપ્રાયમાં આવી ગયું. પછી કાઢીને આપતાં ભલે થોડી વાર લાગે તેમ પુણ્ય-પાપના ભાવ એ તારા ભાવ નથી કેમ કે તું તો મહા પવિત્ર જ્ઞાતા ને નિરાકુળ સ્વભાવી છો ને પુણ્ય-પાપના ભાવો અશુચિ, જડ ને દુઃખના કારણો છે એમ શ્રીગુરુ પાસેથી બેની ભિન્નતા, સત્યાર્થપણે જાણતાં તે જ કાળે પુણ્ય-પાપના ભાવો મારા–એવી માન્યતાથી નિવર્તે છે.

**અવધિજ્ઞાન મનપર્જય દો હૈં દેશ-પ્રતચ્છા,**
**દ્રવ્ય-ક્ષેત્ર-પરિમાણ લિયે જાનૈ જિય સ્વચ્છા. ૩.** –શ્રી છઢાળા

જ્યારે આ આત્મા, આત્મા ને આસ્રવોને જુદા જાણે છે તે જ વખતે શ્રદ્ધામાં આસ્રવોથી નિવૃત્ત થાય છે. જો તે જ વખતે આસ્રવોથી નિવર્તતો ન હોય તો તેને આત્મા ને આસ્રવોનું યથાર્થ ભેદજ્ઞાન જ થયું નથી. ભાઈ ! તારે દુઃખના પંથ છોડવા હોય ને સુખના પંથે આવવું હોય તો પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે ને મારું સ્વરૂપ આનંદ છે—એમ અભિપ્રાયમાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર, શ્રદ્ધામાં પુણ્ય-પાપના ભાવથી પાછો ફર. શુભાશુભભાવ એ મેલ છે ને પ્રભુ નિર્મળાનંદ છે એમ જો યથાર્થ ભેદજ્ઞાન થાય તો તેને આસ્રવથી નિવર્તન થાય જ છે, જો નિવર્તન ન થાય તો તેને પારમાર્થિક ભેદજ્ઞાન થયું જ નથી. પુણ્ય-પાપના ભાવોને દુઃખરૂપ જાણી અભિપ્રાયમાં તેનાથી પાછો ન વળે તો તેને પુણ્ય-પાપના ભાવો દુઃખરૂપ છે એવું ભેદજ્ઞાન થયું જ નથી.

એ રીતે જ્યારે પુણ્ય-પાપના ભાવોથી નિવર્ત્યો ત્યારે તેની સાથે જે અવિનાભાવી જ્ઞાન છે તેનાથી, અજ્ઞાનથી થતો જે કર્મનો બંધ, તેનો નિરોધ થાય છે. અજ્ઞાનથી કર્મનો બંધ થતો હતો પણ જ્યાં જ્ઞાન થયું ત્યાં બંધનો નિરોધ થયો.

આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે ને પુણ્ય-પાપના ભાવ દુઃખનું કારણ છે—એમ બેનું જેને ભેદજ્ઞાન થાય છે એ જ્ઞાનમાત્રથી અનંત સંસારમાં રખડવાનું કર્મબંધ અટકી જાય છે. જો કર્મબંધ ન અટકતું હોય તો અમે તને પ્રશ્ન કરીએ છીએ કે એ ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન છે ? આ આત્મા શાશ્વત વસ્તુ ને પુણ્ય-પાપના કૃત્રિમ ક્ષણિક ભાવ એ બેનું ભેદજ્ઞાન થવા માત્રથી કર્મબંધન અટકી જાય છે. જો કર્મબંધન અટકી ન જતું હોય તો એ ભેદજ્ઞાન જ્ઞાન છે કે અજ્ઞાન ? જો અજ્ઞાન છે તો તો એ પુણ્ય-પાપના ભાવથી જુદો જ પડ્યો નથી.

વળી એ ભેદજ્ઞાન જો જ્ઞાન છે તો એ પુણ્ય-પાપના ભાવમાં પ્રવર્તે છે કે નિવર્ત્યું છે ? જો પુણ્ય-પાપ ભાવમાં એ પ્રવર્તે છે તો એ જ્ઞાન જ નથી. અને જો એ જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થઈ ગયો. આમ સિદ્ધ થવાથી દયા-દાન આદિ રાગરૂપ ક્રિયાનયનું ખંડન થયું. અર્થાત્ દયા-દાન આદિના રાગથી ધર્મ થાય એ વાતનું ખંડન થયું.

વળી આત્મા અને આસ્રવની ભિન્નતા જ્ઞાનમાં ખ્યાલમાં આવી પણ જો જ્ઞાન આસ્રવમાં જ વર્તે છે તો એ જ્ઞાન જ જ્ઞાન નથી, એ તો જાણપણું, ધારણા છે. બેની

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

સકલ દ્રવ્યકે ગુન અનંત, પરજાય અનંતા,
જાનૈ એકૈ કાલ, પ્રગટ કેવલિ ભગવન્તા; –શ્રી છઢાળા




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શનિવાર) વ્યાખ્યાન નં. ૨૩
(ગાથા ૩૮)



જેમ એક મોટો પટારો હોય, તેમાં એક નાની પેટી હોય, તેમાં એક ડાબલી હોય ને તેમાં મખમલ પાથરીને લાખોની કિંમતનો એક હીરો મૂક્યો હોય; ત્યાં હીરો તો તે બધાયથી જુદો જ છે. ત્યાં તે છૂટો હીરો આંખદ્વારા નથી જણાતો, પણ જો પોતાના જ્ઞાનમાંથી મખમલ, ડાબલી, પેટી અને પટારો—એ બધાયનું લક્ષ છોડીને જ્ઞાનને આગળ લંબાવે તો એકલો હીરો જણાય છે. તેમ આ સ્થૂળ શરીર, અંદરના જડકર્મો અને તેનાથી સૂક્ષ્મ અરૂપી મિથ્યાત્વ-રાગદ્વેષાદિ વિકારીભાવો તેમજ અધૂરીદશા—એ બધાયથી ચૈતન્ય-ચમત્કારચિંતામણી આત્મા જુદો છે. તે જુદાપણું સમ્યગ્જ્ઞાનથી જણાય છે. જડ પદાર્થો અને વિકારીભાવોને આત્મા ન માનતાં, પોતાના જ્ઞાનને એક ચૈતન્યસ્વભાવ તરફ લંબાવીને જુએ તો શુદ્ધચૈતન્યસ્વભાવ વિકારથી ને કર્મોથી જુદો અનુભવાય છે. શુદ્ધ આત્મા વિભાવગુણ—પર્યાયોથી રહિત છે. મતિજ્ઞાન વગેરે અધૂરીદશાને વિભાવગુણ કહેવાય છે અને મનુષ્યાદિરૂપ વ્યંજનપર્યાયને વિભાવપર્યાય કહેવાય છે, તેનાથી આત્મા જુદો છે.

આવો પોતાનો શુદ્ધાત્મા કઈ રીતે જણાય? બહારની ક્રિયાના શુભરાગથી આત્મા સમજાય નહિ પણ અંતરમાં જ્ઞાનની ક્રિયાથી સમજાય. સાચા જ્ઞાનવડે આત્મા ઓળખાય, સાચા જ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય કરવાથી આત્મા સમજાય નહિ. જેવું સત્યસ્વરૂપ છે તેવું પોતાના જ્ઞાનમાં સ્વીકારવાથી સત્ પ્રગટે પણ સ્વરૂપને બીજી રીતે માનવાથી સત્ પ્રગટે નહિ. અજ્ઞાની જીવો અસત્યને સત્ય માનીને તેનું સેવન કરે તેથી કાંઈ તેમને સત્યધર્મ પ્રગટે નહિ, અને જે સત્યસ્વરૂપ છે તે વિપરીત થઈ જાય નહિ. આત્માનું સત્યસ્વરૂપ કેવું છે એટલે કે ત્રિકાળી સ્વભાવ કેવો છે? ઉદયાદિ ચાર ભાવોથી અગોચર છે, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મની ઉપાધિથી રહિત છે અને વિભાવ ગુણ-પર્યાયોથી રહિત છે—આટલી વાત નાસ્તિઅપેક્ષાથી કરી. હવે અસ્તિ અપેક્ષાથી કહે છે.

> જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન,
> ઇહિ પરમામૃત જન્મજરામૃતિરોગ-નિવારન. ૪. —શ્રી છઢાળા

અનાદિનિધન અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવરૂપ શુદ્ધ સહજ પરમપારિણામિક-ભાવસ્વરૂપ કારણપરમાત્મા છે—એવો આ આત્મા છે. તે જ ભવ્ય જીવોને ઉપાદેય છે. એવા આત્માને જાણવો—માનવો તે મોક્ષનો ઉપાય છે.

આત્માનો એકરૂપ સ્વભાવ અનાદિઅનંત છે, ઉપશમાદિ ચારે ભાવો પર્યાયરૂપ હોવાથી આદિ—અંતસહિત છે. વળી આત્મા અમૂર્તિક અને અતીન્દ્રિય છે. ઇન્દ્રિયાશ્રિત જ્ઞાનવડે તે જણાય તેવો નથી. શુદ્ધ સહજ પરમપારિણામિકભાવસ્વરૂપ કારણપરમાત્મા છે તે જ 'શુદ્ધભાવ' છે, તે જ ઉપાદેય છે. અહીં તો કહ્યું કે આત્મા ત્રિકાળ શુદ્ધ જ છે. અશુદ્ધતાનો નાશ કરીને શુદ્ધતા પ્રગટ કરવી તે તો અવસ્થા છે. પણ આત્મા ત્રિકાળ સ્વભાવથી શુદ્ધ જ છે, અશુદ્ધતા ટાળવી ને શુદ્ધતા પ્રગટ કરવી એવા બે ભંગ તેમાં નથી. શુદ્ધ સહજસ્વભાવી પારિણામિકભાવ-સ્વરૂપ એકરૂપ કારણસમયસારપરમાત્મા—એવો પોતાનો આત્મા છે, તેના લક્ષે મોક્ષમાર્ગ પ્રગટે છે, તેના લક્ષ સિવાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ અવસ્થા પ્રગટે નહિ. જે પૂરો સ્વભાવ છે તેના ઉપર લક્ષ ન કરે અને અધૂરાને જ માને તે જીવને શ્રદ્ધા-જ્ઞાન સાચાં થાય નહિ, એટલે કે તેને ધર્મ થાય નહિ.

'આ વાત એકદમ પૂર્ણદશાના પુરુષાર્થને પહોંચી વળવાની છે, અને આપણાથી તે થઈ શકે તેવું નથી'—આમ ન સમજવું. કેમ કે, હજી તો ધર્મની શરૂઆત કેમ થાય તેની આ વાત છે. પૂર્ણદશાનો પુરુષાર્થ ન થઈ શકે તોપણ, વર્તમાન જે પૂરો સ્વભાવ છે અને જેમાંથી પૂર્ણદશા પ્રગટે છે તે સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારવાની વાત છે. ધર્મ કરવા માટે પોતાના આત્માને શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારવો તો જોઈશે ને!

અહીં તો પોતાના આત્માને સમજવાની જ વાત છે, બીજી કોઈ વાતની મુખ્યતા કરતા નથી, કેમ કે બધા તત્ત્વોમાં એક શુદ્ધ આત્મતત્ત્વ જ ઉપાદેય છે. આત્મતત્ત્વની વાત પોતાના ઘરની છે. કેમ કે પોતે જ આત્મતત્ત્વ છે; તેને ઓળખવાથી જ ધર્મ થાય છે. ભલે ઓછી બુદ્ધિ હોય પણ જો પોતાના આત્માનો મહિમા કરીને સમજવા માંગે તો જરૂર સમજાય, તેવું વસ્તુસ્વરૂપ છે. (ક્રમશઃ) ❋

---

શુદ્ધ પારિણામિક ભાવ છે તે ભાવનારૂપ નથી, તે વર્તમાન પર્યાયરૂપ નથી. મોક્ષના કારણરૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે ને ત્રિકાળ શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી, એ તો ભાવ છે, રાગ તો ક્યાંય દૂર રહી ગયો, પણ મોક્ષનો માર્ગ પણ ભાવનારૂપ હોવાથી તે શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

---

**કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,**
**જ્ઞાનીકે છિનમેં, ત્રિગુપ્તિતૈં સહજ ટરૈં તે;** –શ્રી છઢાળા



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, પુદ્‌ગલદ્રવ્યના સ્વરૂપને કહે છે—

**सव्वो लोयायासो, पुग्गलदव्वेहिं सव्वदो भरिदो।**
**सुहमेहिं बायरेहिं य, णाणाविहसत्ति जुत्ते हिं।।२०६।।**
**जे इन्दिएहिं गिज्झं रुवररसगंधफासपरिणामं।**
**तं चिय पुग्गलदव्वं, अणंतगुणं जीवरासीदो।।२०७।।**

સંપૂર્ણ લોકાકાશમાં નાની-મોટી અનેક પ્રકારની શક્તિઓવાળા સૂક્ષ્મ અને બાદર પુદ્‌ગલદ્રવ્યોથી આ લોક ભરેલો છે.

જે રૂપ, રસ, ગંધ, સ્પર્શ પરિણામસ્વરૂપથી ઇન્દ્રિયોને ગ્રહણ કરવાયોગ્ય છે તે બધા પુદ્‌ગલદ્રવ્ય છે. તે સંખ્યામાં જીવરાશિથી અનંતગુણા દ્રવ્ય છે.

ભાવાર્થ : શરીર આદિ અનેક પ્રકારની પરિણમનશક્તિથી સૂક્ષ્મ-બાદર પુદ્‌ગલોથી સંપૂર્ણ લોકાકાશ ભરેલો છે.

હવે, પુદ્‌ગલદ્રવ્યનું સ્વરૂપ બતાવે છે.

પુદ્‌ગલદ્રવ્યમાં તેની પોતાની અનંત શક્તિઓ છે. તેમાં કર્મરૂપ અવસ્થા થઈ, તે જીવના વિકારના કારણે થઈ નથી, પરંતુ તેની પોતાની પરિણમનશક્તિથી જ તે અવસ્થા થઈ છે. શરીર, મન, વાણી, કર્મ આદિ અનેક પ્રકારની અવસ્થારૂપ પરિણમિત થવાની પુદ્‌ગલની જ શક્તિ છે; કોઈ અન્યના કારણે પુદ્‌ગલમાં પરિણમન થતું નથી.

જુઓ, પુદ્‌ગલમાં અનંત શક્તિઓ છે પરંતુ તે પુદ્‌ગલને પોતાની શક્તિનું ભાન નથી. તેમની શક્તિને જાણવાવાળો પણ જીવ જ છે, તો પણ જીવના કારણે પુદ્‌ગલની શક્તિઓ નથી. તીર્થંકરપ્રકૃતિનો બંધ થાય અને પરમૌદારિક શરીરની રચના થાય—આ બધી અવસ્થાઓ પુદ્‌ગલની જ પરિણમનશક્તિથી જ થાય છે; જીવના શુભરાગના કારણે પુદ્‌ગલમાં કોઈ અવસ્થા થતી નથી.

**મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ,**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ. ૫. —શ્રી છઢાળા**

જુઓ, આ લોકના દ્રવ્યોનું સ્વરૂપ ! ધર્મીજીવ, દ્રવ્યોના આ સ્વરૂપનો વિચાર કરે છે.

જગતમાં અનેક પ્રકારના શરીર, અનેક પ્રકારની ભાષાઓ, અનેક પ્રકારના કર્મ— આવી અનેક પ્રકારની અવસ્થાઓ થાય છે. આ સમસ્ત અવસ્થાઓને કોણ કરે છે ? પુદ્‌ગલની પરિણમનશક્તિથી જ તેવી અવસ્થાઓ થાય છે; જીવ તેને કરતો નથી.

જુઓ, પુદ્‌ગલદ્રવ્યનું વર્ણન કરતા થકા સર્વપ્રથમ આ વાત કરી કે પુદ્‌ગલ સ્વયં અનેક પ્રકારની પરિણમનશક્તિ સહિત છે. नानाविधशक्तियुक्तैः અર્થાત્ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં અનેક પ્રકારની અવસ્થારૂપ પરિણમિત થવાની શક્તિવાળો છે. આ સિદ્ધાંત સર્વત્ર લક્ષમાં રાખવા જેવો છે.

જગતમાં જીવોની સંખ્યા અનંત છે અને પુદ્‌ગલોની સંખ્યા તેનાથી પણ અનંતગુણી છે.

હવે, પુદ્‌ગલદ્રવ્યને જીવના ઉપકારીપણાને કહે છે

जीवस्स बहुपयारं, उवयारं कुणदि पुग्गलं दव्वं ।
देहं च इंदियाणि य, वाणी उस्सासणिस्सासं ॥२०८॥
अण्णं पि एवमाई, उवयारं कुणदि जाव संसारं ।
मोह-अणाणमयं पि य, परिणामं कुणदि जीवस्स ॥२०९॥

અર્થ :—પુદ્‌ગલદ્રવ્ય, જીવ માટે દેહ, ઈન્દ્રિય, વચન, શ્વાસોચ્છ્‌વાસ આદિ ઘણા પ્રકારે ઉપકાર કરે છે.

પુદ્‌ગલદ્રવ્ય, જીવને ઉપર કહ્યા પ્રમાણે અન્ય પણ ઉપકાર કરે છે. જ્યાં સુધી આ જીવનો સંસાર છે, ત્યાં સુધી મોહપરિણામ (પરદ્રવ્ય પ્રતિ મમત્વ પરિણામ), અજ્ઞાનમય પરિણામ—એવા સુખ-દુઃખ, જીવન-મરણ આદિ અનેક પ્રકારે ઉપકાર કરે છે. અહીં ઉપકાર શબ્દનો અર્થ જ્યારે ઉપાદાન કાર્ય કરે, ત્યારે સંયોગને નિમિત્તકારકપણાનો આરોપ છે—એમ સર્વત્ર સમજવું જોઈએ.

સંસારી જીવના દેહાદિકની રચના પુદ્‌ગલદ્રવ્યથી છે, તેનાથી જીવનું જીવિતવ્ય છે, આ ઉપકાર છે.

**તાતૈં જિનવર-કથિત તત્ત્વ અભ્યાસ કરીજે,**
**સંશય-વિભ્રમ-મોહ ત્યાગ, આપો લખ લીજે;** –શ્રી છઢાળા

અહીં ઉપકાર શબ્દનો આશય નિમિત્ત સમજવો જોઈએ. દેહ, મન, વાણી, ઈત્યાદિ પુદ્‌ગલદ્રવ્યની રચના છે. જીવને શરીર આદિનો સંયોગ હોય છે, આ અપેક્ષાથી પુદ્‌ગલનો ઉપકાર કહેવામાં આવ્યો છે. ઉપકારનો અર્થ કલ્યાણ કરે છે—એમ નથી. મરણમાં પણ પુદ્‌ગલદ્રવ્યનો ઉપકાર કહેશું તો મારી નાખવામાં પણ ઉપકાર થાય છે ? તેમાં પુદ્‌ગલનું નિમિત્તપણું છે—આ અપેક્ષાએ ઉપકાર કહ્યો છે. જીવને સંસારમાં પરિણભ્રમણ કરાવવામાં પુદ્‌ગલનો ઉપકાર છે. પુદ્‌ગલથી રચાયેલું શરીર, વાણી ઈત્યાદિની મમતા કરીને જીવ, સંસારમાં ભ્રમણ કરે છે. આ અપેક્ષાએ પુદ્‌ગલદ્રવ્યે જીવ ઉપર ઉપકાર કર્યો કહેવામાં આવે છે. જીવને ઈચ્છા થાય છે કે આવી ભાષા બોલવામાં આવે તો ઠીક અને પુદ્‌ગલ, ભાષારૂપ પરિણમિત થાય છે તો ત્યાં પુદ્‌ગલનો ઉપકાર કહેવામાં આવ્યો છે. સંસારી જીવદ્રવ્ય વ્યવહારથી દશ પ્રાણોથી જીવે છે અને દ્રવ્યપ્રાણ પુદ્‌ગલમય છે; માટે જીવના જીવનમાં પુદ્‌ગલનો ઉપકાર કહેવામાં આવ્યો છે. દશ પ્રાણ તથા રાગ, દ્વેષ, મોહ આદિ ભાવોમાં જીવને પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્તપણું છે, આ બતાવવા માટે તેનો ઉપકાર કહેવામાં આવ્યો છે.

જુઓ, આ ઉપકાર ! જીવને મોહભાવ થવામાં પણ પુદ્‌ગલનો ઉપકાર ! પુદ્‌ગલકર્મ મોહમાં નિમિત્ત છે, મોહભાવ કરીને જીવને સંસારમાં પરિભ્રમણ કરાવવામાં કર્મનો આશ્રય છે, માટે કર્મે જીવ ઉપર ઉપકાર કર્યો ! જે જીવને સંસારમાં પરિભ્રમણ કરવું છે, તેને પરિભ્રમણમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે; માટે પુદ્‌ગલે તેના ઉપર ઉપકાર કર્યો છે ! ભાઈ ! આ બધું તો વ્યવહારનયથી કથન છે. હકીકતમાં એક દ્રવ્ય બીજા દ્રવ્ય ઉપર ઉપકાર કરે છે—આવા જેટલા વાક્યો છે, તે બધા વ્યવહારનયના કથન છે.

વ્યવહારનય એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે મેળવીને કથન કરે છે પરંતુ તેવા જ શ્રદ્ધાનથી તો મિથ્યાત્વ થાય છે. કર્મ, જીવને પરિભ્રમણ કરાવે છે—એવું કથન પણ વ્યવહારથી છે. ત્યાં તો પુદ્‌ગલની ઓળખાણ કરાવવા માટેનું આ કથન છે. જીવના એકરૂપ સ્વભાવપરિણામ ન રહે અને રાગ-દ્વેષ-મોહ આદિ વિશેષ પરિણામ થાય, તેમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે; આ કારણે અહીં નિમિત્તપણાની ઓળખાણ કરાવવા માટે આમ કહ્યું છે કે જીવના રાગ-દ્વેષ-મોહ આદિ અનેક પ્રકારના પરિણામોને પુદ્‌ગલદ્રવ્ય કરે છે—આવો તેમનો ઉપકાર છે. ઉપકાર એટલે જીવના વિકાર થવામાં નિમિત્ત થવું.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**યહ માનુષપર્યાય સુકુલ, સુનિવૌ જિનવાની,**
**ઇહવિધિ ગયે ન મિલે, સુમણિ જ્યોં ઉદધિ સમાની. ૬. –શ્રી છઢાળા**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા ૬-૭ ઉપર પ્રવચન નં. ૫)

બાપુ ! ભાઈ ! કર્મ જડ મને નુકસાન કરે એમ બોલતા તને શરમ નથી લાગતી ? એલા ! તું ચૈતન્યમૂર્તિ આત્મા ને તને કર્મ-જડ હેરાન કરે ?—એમ બોલતાં-કલ્પના કરતાં તને શરમ કેમ નથી આવતી ? ભાઈ ! તું ઊંધા પુરુષાર્થને લઈને સ્વભાવની સાવધાની કરતો નથી. તારું કામ તારા ઉપાદાનથી તારે કરવું છે કે પર તને કરી દે ?

દૃષ્ટાંતથી સમજાવે છે કે મદ ઉત્પન્ન કરનાર કોદ્રવના ખાવાથી ભાન ભૂલેલો માણસ પદાર્થોનું સ્વરૂપ યથાર્થ જાણતો નથી. કોદ્રવના લઈને ભાન ભૂલેલો નથી હો ! પોતે ભાન ભૂલ્યો ત્યારે કોદ્રવ તેમાં નિમિત્ત કહેવાય છે. કેમ કે એક પદાર્થ બીજા પદાર્થને ત્રણકાળમાં નુકસાન કરે નહીં.

તેમ આત્મા શુદ્ધ-આનંદકંદના પાકને પ્રગટ નહીં કરતો થકો કર્મના પાકમાં જોડાવાથી એટલે કે ચિદાનંદ ભગવાન આત્માના તાબે નહીં થવાથી કર્મના તાબે થવાથી જ્ઞાન ઢંકાઈ જતું હોવાથી જ્ઞાનમાં યથાર્થતા રહેતી નથી.

ભગવાન આત્મા પોતાના અસાધારણ સ્વભાવને સ્વાધીન ન થતાં, મોહને તાબે થયેલો હોવાથી દબાયેલું જ્ઞાન-વિરૂપ થયેલું જ્ઞાન સુખ-દુઃખ કોને કહેવા ? શરીર શું છે ?—એના સ્વભાવને જાણી શકતું નથી. શરીર તો માટી જડ છે, તે તો જ્ઞેય છે ને તું જ્ઞાતા છો, પણ ઢંકાયેલું—દબાયેલું જ્ઞાન એમ જાણતું નથી. સંયોગો સુખ-દુઃખ આપનારા નથી, એ તો બહારની જ્ઞેય ચીજ છે પણ પોતાના જ્ઞાનને ઢાંકી દીધું હોવાથી અજ્ઞાની એમ જોઈ-જાણી શકતો નથી. અંધારામાં કોઈ પુરુષાકાર પત્થર સાથે બાથંબાથ ઝગડો કર્યો ને પત્થર માથે પડ્યો, ત્યારે પેલો કહે ભાઈસા'બ ઊભો થઈ જા. હું હાર્યો ! પણ દિ' ઊગ્યો ત્યારે ખબર પડી કે એ તો પત્થર છે. તેમ કર્મને ચોંટ્યો પોતે ને પછી કહે કે ભાઈસા'બ ખસી જા. પણ એલા ! વિકારભાવ કર્યો તે અને કહે કે કર્મે મને હેરાન કર્યો !

મોહનીય કર્મને વશ થયેલું જ્ઞાન વસ્તુના યથાર્થ સ્વરૂપને પ્રકાશવા અસમર્થ હોવાથી તે દેવ-શાસ્ત્ર-ગુરુને યથાર્થ ન જાણે, આત્માને ન જાણે, પુણ્યના પરિણામને પણ યથાર્થ ન જાણે-પુણ્યના પરિણામને યથાર્થ ન જાણતાં પુણ્યને ધર્મ જાણે.

**ધન સમાજ ગજ બાજ, રાજ તો કાજ ન આવૈ,**
**જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવૈ;** –શ્રી છઢાળા

આ તો ઈષ્ટોપદેશ છે બાપુ ! ઈષ્ટ એટલે હિતકર ઉપદેશ. તારી ભૂલથી તું રખડે છે એ ઇષ્ટ ઉપદેશ છે, કર્મના લઈને તું રખડે—એમાં ઇષ્ટ ઉપદેશ ક્યાં આવ્યો ?—કેમ કે એમાં પોતાને સુધરવાનું ક્યાં રહ્યું ? માટે પરપદાર્થથી તને લાભ-નુકસાન થાય—એવો ઉપદેશ તને હિતકર નથી. તારા ઊંધા ભાવે તને અહિત થાય—એ ઉપદેશ તને હિતકર છે કે જેથી ઊંધા પુરુષાર્થને છોડીને તું સ્વભાવનો પુરુષાર્થ કરે.

આ આત્માનો અસાધારણ સ્વભાવ જ્ઞાન ને આનંદ છે, તેને પરથી જુદો કેમ પાડી શકતો નથી ? ને વિકારનો અસાધારણ સ્વભાવ દુઃખ છે તેને પોતાથી ભિન્ન કેમ જાણી શકતો નથી ?—કે મોહથી ઢંકાયેલું જ્ઞાન વિપરીત થઈ ગયું છે માટે બેને ભિન્ન પાડી શકતો નથી.

રાગ-દ્વેષનો અસાધારણ સ્વભાવ મલિનતા—દુઃખ, કર્મનો જડ સ્વભાવ અને ચૈતન્યનો અસાધારણ સ્વભાવ જ્ઞાન ને આનંદ—એમ પદાર્થના આવા જુદા જુદા સ્વભાવને મોહમાં પડેલો અજ્ઞાની જાણી શકતો નથી. તેથી બેને એક માની રહ્યો છે. તે એનો પોતાનો વાંક છે ને બેને જુદા જાણે તો એ એનો પોતાનો ગુણ છે. પણ તે બીજું કોઈ કરી દે એમ નથી. પોતે જ કરવાનું છે.

## મોહી જીવની દશા

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત આ ઈષ્ટોપદેશ છે. તેમાં સાતમી ગાથા ચાલે છે.

ભગવાન આત્માનો સ્વભાવ શુદ્ધ ને આનંદસ્વરૂપ છે છતાં મોહકર્મના પાકને આધીન થયેલો આત્મા પોતાના ને પરના ભિન્ન-ભિન્ન અસાધારણ સ્વભાવને જાણી શકતો નથી. જેમ દારૂના નશામાં દારૂડિયો માને સ્ત્રી કહે અને સ્ત્રીને મા કહે, તેમ ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાન અને આનંદ હોવા છતાં પોતાનો અસાધારણ સ્વભાવ રાગમાં કે શરીરમાં નથી—એમ બેની ભિન્નતા મોહના તાબે થયેલી દશા કરી શકતી નથી.

મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને, મોહને, મોહકર્મના પાકને વશ થઈને, જાણવું...જાણવું... જાણવું ને આનંદ...આનંદ...આનંદ.... ને આનંદ જેનો અસાધારણ સ્વભાવ છે એવા પોતાને પરથી જુદો પાડી શકતો નથી. જેનો અસાધારણ સ્વભાવ દુઃખ છે એવા રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ તથા જેનો મૂળ સ્વભાવ જ્ઞાન છે પણ શરીરાદિને મારા માનવાનો જેનો સ્વભાવ નથી એવા આત્માને અજ્ઞાની મિથ્યાત્વને વશ થઈને જુદા પાડી શકતો નથી.

**તાસ જ્ઞાનકો કારન, સ્વ-પર વિવેક બખાનૌ,**
**કોટિ ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આનૌ. ૭.**　　　　**–શ્રી છઢાળા**

વિકારના ભાવ દુઃખરૂપ છે, તેનો અસાધારણ સ્વભાવ દુઃખ છે. તે વિકાર મારો સ્વભાવ નથી—એમ મિથ્યાદૃષ્ટિ અનાદિથી વિકારને ને આત્માને જુદા પાડી શકતો નથી. શરીર-વાણી-કુટુંબ સ્ત્રી તો તદ્દન પર છે પણ મિથ્યા ભ્રમણાને લઈને અજ્ઞાની મૂઢ જીવ મોહને વશ થઈને એટલે કે સ્વભાવને તાબે થઈ જવાનું છોડી દઈને એ પૃથક્ પદાર્થો મારા છે, મને સગવડતા આપનારા છે—એમ માને છે.

શરીર-સ્ત્રી-કુટુંબ કે મકાન આદિ આત્માને જ્ઞાન કરાવે કે આત્માને સુખ આપે એવો એનો સ્વભાવ નથી. છતાં અજ્ઞાની મિથ્યાત્વને લઈને મોહને વશ થઈને એ પર પદાર્થોનો સ્વભાવ મને સુખરૂપ છે, દુઃખરૂપ એવા પુણ્ય-પાપના ભાવ મને સુખરૂપ છે—એમ માને છે પણ પોતે આત્મા આનંદરૂપ છે એવું એને ભાન નથી.

તું કોણ? તારું કોણ? વિભાવ કોણ? ને સંયોગ કોણ? એનું અજ્ઞાનીને ભાન નથી. પરંતુ જ્ઞાન દ્વારા જેણે આત્માને જાણ્યો છે ને મોહને વશ થયો નથી એવો જ્ઞાની મારો આનંદ મારામાં છે એમ માને છે. પુણ્ય-પાપના ભાવ મને દુઃખરૂપ છે, સુખરૂપ નથી, શરીરાદિ પર પદાર્થો મને સગવડતા આપનારા બિલકુલ નથી તેમજ દુઃખ આપનારા બિલકુલ નથી—એમ જ્ઞાની માને છે.

આ તો ઈષ્ટોપદેશ છે. ઈષ્ટ—હિતકર ઉપદેશ શું છે?—કે જ્ઞાન ને આનંદના લક્ષણે આત્માને ઓળખવો એ હિતકર છે અને એ રીતે આત્માને ઓળખવાને બદલે પર પદાર્થ મને સુખરૂપ છે, શુભભાવ મને હિતકર છે એવું માનવું એ અહિતકર છે. પર પદાર્થ મને ઈષ્ટ-અનિષ્ટ છે કે શુભભાવ મને સુખરૂપ છે કે જાણવાને બદલે દુઃખરૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ છે—એમ વિપરીત માનવું એ અહિતકર છે—એમ આ ઉપદેશમાં કહે છે.

હવે દૃષ્ટાંત આપે છે કે ઊંચા કિમતી મણિનો પ્રકાશ એકરૂપ હોવા છતાં તેના ઉપરની મલિનતાને લીધે—મળને લીધે એકરૂપતાની દ્વિવિધતા પ્રકાશતી દેખાય છે. મળ સહિતનો મણિ વિવિધ પ્રકારે ભાસે છે. એકરૂપ પ્રતિભાસવાને બદલે મળના સંગે મણિ વિવિધ પ્રકારે ભાસે છે. સ્ફટિક રત્ન છે તે સ્વચ્છ છે છતાં કાળા—રાતા ફૂલના સંગે સ્ફટિકમાં કાળી—રાતી ઝાંય દેખાય છે. તેમ કર્મ સાથે સંબંધ કરવાથી ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ એકરૂપપણે દેખાવાના બદલે રાગ—દ્વેષ અને ભ્રમણાદિની વિવિધતારૂપે દેખાય છે. જ્ઞાનાનંદ સ્વરૂપ છું—એમ જોવાને બદલે કર્મના સંગમાં જોડાઈ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં,**
**સો સબ મહિમા જ્ઞાન-તની, મુનિનાથ કહૈં હૈં;** –શ્રી છઢાળા

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ધર્મની પહેલી ભૂમિકા ભાગ-૩

### (૩૨) કર્મો ઉપરથી છ દ્રવ્યોની સિદ્ધિ

કર્મો તે પુદ્‌ગલની અવસ્થા છે, જીવના વિકારીભાવના નિમિત્તથી તે રહેલાં છે, કેટલાંક કર્મો બંધરૂપે સ્થિર થયાં છે તેને અધર્માસ્તિકાયનું નિમિત્ત છે, ક્ષણે ક્ષણે કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે, ખરી જવામાં ક્ષેત્રાંતર થાય છે તેમાં તેને ધર્માસ્તિકાયનું નિમિત્ત છે. કર્મની સ્થિતિ કહેવાય છે કે ૭૦ ક્રોડાક્રોડીનું કર્મ અથવા અંતર્મુહૂર્તનું કર્મ, એમાં કાળદ્રવ્યની અપેક્ષા આવે છે. ઘણા કર્મ પરમાણુઓ એક ક્ષેત્રે રહેવામાં આકાશદ્રવ્યની અપેક્ષા છે. આ રીતે છ દ્રવ્યો સિદ્ધ થયા.

### (૩૩) દ્રવ્યોની સ્વતંત્રતા

આ ઉપરથી એ પણ સિદ્ધ થાય છે કે જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય (-કર્મ) બંને તદ્દન જુદી-જુદી વસ્તુઓ છે. અને બંને પોતપોતામાં સ્વતંત્ર છે. કોઈ એકબીજામાં કાંઈ જ કરતાં નથી. જો જીવ અને કર્મો ભેગાં થઈ જાય તો આ જગતમાં છ દ્રવ્યો જ રહી શકે નહીં. અને કર્મ સદાય જુદા જ છે. દ્રવ્યોનો સ્વભાવ અનાદિ-અનંત ટકીને સમયે સમયે બદલવાનો છે. બધાય દ્રવ્યો પોતાની તાકાતથી સ્વતંત્રપણે અનાદિ-અનંત ટકીને પોતે જ પોતાની હાલત બદલાવે છે. જીવની હાલત જીવ બદલાવે છે. પુદ્‌ગલની હાલત પુદ્‌ગલ બદલાવે છે. પુદ્‌ગલનું કાંઈ જીવ કરે નહીં અને જીવનું કાંઈ પુદ્‌ગલ કરે નહીં.

### (૩૪) ઉત્પાદ-વ્યય-ધ્રુવ

દ્રવ્યનો કોઈ કર્તા નથી. જો કોઈ કર્તા હોય તો તેણે દ્રવ્યોને કઈ રીતે બનાવ્યા ? શેમાંથી બનાવ્યા ? તે કર્તા પોતે શેનો બન્યો ? જગતમાં છ દ્રવ્યો પોતાના સ્વભાવથી જ છે, તેના કોઈ કર્તા નથી. કોઈ પણ નવા પદાર્થની ઉત્પત્તિ થતી જ નથી. કોઈ પણ પ્રયોગે કરીને નવા જીવની કે નવા પરમાણુની ઉત્પત્તિ થઈ શકે નહીં. પણ જે પદાર્થ હોય તે જ રૂપાંતર થાય, અર્થાત્ જે દ્રવ્ય હોય તે નાશ પામે નહીં. જે દ્રવ્ય ન હોય તે ઉત્પન્ન થાય નહીં અને જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ અર્થાત્ નિત્ય ટકીને બદલવું (Permanency with a change) કહેવાય છે.

**વિષય-ચાહ દવ-દાહ, જગત-જન-અરનિ દઝાવૈ,**
**તાસ ઉપાય ન આન, જ્ઞાન-ઘનઘાન બુઝાવૈ. ૮.** –શ્રી છઢાળા

દ્રવ્યનો કોઈ બનાવનાર નથી માટે નવું સાતમું કોઈ દ્રવ્ય થઈ શકતું નથી, અને કોઈ દ્રવ્યનો કોઈ નાશ કરનાર નથી માટે છ દ્રવ્યોમાંથી કદી ઓછા થતા નથી. શાશ્વતપણે છ જ દ્રવ્યો છે. સંપૂર્ણ જ્ઞાનવડે સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યો જાણ્યા અને તે જ ઉપદેશમાં દિવ્યવાણી દ્વારા કહ્યા. સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પરમ સત્યમાર્ગ સિવાય આ છ દ્રવ્યનું સાચું સ્વરૂપ બીજે ક્યાંય છે જ નહીં.

## (૩૫) દ્રવ્યની શક્તિ (ગુણ)

દ્રવ્યની ખાસ શક્તિ (ચિહ્ન, વિશેષ ગુણ) સંબંધી પૂર્વે સંક્ષિપ્તમાં કહેવાઈ ગયું છે. એક દ્રવ્યની જે ખાસ શક્તિ હોય તે અન્ય દ્રવ્યોમાં હોતી નથી, તેથી ખાસ શક્તિ વડે દ્રવ્યના સ્વરૂપને ઓળખી શકાય છે. જેમકે જ્ઞાન તે જીવ દ્રવ્યની ખાસ શક્તિ છે, જીવ સિવાયના અન્ય કોઈ દ્રવ્યમાં જ્ઞાન નથી, તેથી જ્ઞાનશક્તિ વડે જીવ ઓળખી શકાય છે.

અહીં હવે દ્રવ્યની સામાન્યશક્તિ સંબંધી થોડું કહેવામાં આવે છે. જે શક્તિ બધા દ્રવ્યોમાં હોય તેને સામાન્યશક્તિ (સામાન્ય ગુણ) કહેવાય છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ—આ છ સામાન્ય ગુણો મુખ્ય છે, તે બધા જ દ્રવ્યોમાં છે.

૧. અસ્તિત્વગુણને લીધે દ્રવ્યના હોવાપણાનો કદી નાશ થતો નથી. દ્રવ્યો અમુક કાળ માટે છે અને પછી નાશ પામે છે—એમ નથી, દ્રવ્યો નિત્ય ટકી રહેનારાં છે. જો અસ્તિત્વગુણ ન હોય તો વસ્તુ જ ન હોઈ શકે. અને જો વસ્તુ જ ન હોય તો સમજવાનું કોને ?

૨. વસ્તુત્વગુણને લીધે દ્રવ્ય પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે. જેમ ઘડો પાણીને ધારણ કરે છે તેમ દ્રવ્ય પોતે જ પોતાના ગુણ-પર્યાયોનું પ્રયોજનભૂત કાર્ય કરે છે. એક દ્રવ્ય બીજા કોઈનું કાર્ય કરતું નથી.

૩. દ્રવ્યત્વગુણને લીધે દ્રવ્ય નિરંતર એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં દ્રવ્યા કરે છે—પરિણમ્યા કરે છે. દ્રવ્ય ત્રિકાળ અસ્તિરૂપ હોવા છતાં તે સદા એક સરખું કૂટસ્થ નથી. પરંતુ નિરંતર બદલતું—નિત્ય પરિણામી છે. જો દ્રવ્યમાં પરિણમન ન હોય તો જીવને સંસારદશાનો નાશ થઈને મોક્ષદશાની ઉત્પત્તિ કેમ થાય? શરીરની બાલ્યદશામાંથી યુવકદશા કેમ થાય? છએ દ્રવ્યોમાં દ્રવ્યત્વશક્તિ હોવાથી બધાય

પુણ્ય–પાપ ફલમાહિં, હરખ-વિલખૌ મત ભાઈ,
યહ પુદ્‌ગલ-પરજાય, ઉપજિ વિનસૈ ફિર થાઈ; –શ્રી છઢાળા

સ્વતંત્રપણે પોતપોતાની પર્યાયમાં પરિણમી રહ્યા છે. કોઈ દ્રવ્ય પોતાની પર્યાય પરિણમવા માટે બીજા દ્રવ્યની મદદ કે અસર રાખતું નથી.

૪. પ્રમેયત્વગુણને લીધે દ્રવ્યો જ્ઞાનમાં જણાય છે. છએ દ્રવ્યોમાં આ પ્રમેયત્વશક્તિ હોવાથી જ્ઞાન છએ દ્રવ્યના સ્વરૂપનો નિર્ણય કરી શકે છે. જો વસ્તુમાં પ્રમેયત્વગુણ ન હોય તો 'આ વસ્તુ છે'એમ તે પોતાને કેવી રીતે જણાવી શકે ? જગતનો કોઈ પદાર્થ જ્ઞાન દ્વારા અગમ્ય નથી. આત્મામાં પ્રમેયત્વગુણ હોવાથી આત્મા પોતે પોતાને જાણી શકે છે.

૫. અગુરુલઘુત્વગુણને લીધે દરેક વસ્તુ નિજ નિજ સ્વરૂપે જ ટકી રહે છે. જીવ બદલીને કદી પરમાણુરૂપે થઈ જતો નથી, પરમાણુ બદલીને કદી જીવરૂપે થઈ જતાં નથી. જડ સદાય જડરૂપે અને ચેતન સદાય ચેતનરૂપે જ રહે છે. જ્ઞાનનો ઊઘાડ વિકાર દશામાં ગમે તેટલો ઓછો થાય તો પણ જીવદ્રવ્ય તદ્દન જ્ઞાન વગરનું થઈ જાય એમ કદી ન બને. આ શક્તિને લીધે દ્રવ્યના ગુણો છૂટા પડી જતા નથી, તેમ જ કોઈ બે વસ્તુ એકરૂપ થઈને ત્રીજી નવી જાતની વસ્તુ ઉત્પન્ન થતી નથી, કેમકે વસ્તુનું સ્વરૂપ કદાપિ અન્યથા થતું નથી.

૬. પ્રદેશત્વગુણને લીધે દરેક દ્રવ્યોને પોતપોતાનો આકાર હોય છે. દરેક દ્રવ્યો પોતપોતાના સ્વ આકારમાં જ રહે છે. સિદ્ધદશા થતાં એક જીવ બીજા જીવમાં ભળી જતો નથી. પણ દરેક જીવ પોતાના પ્રદેશાકારમાં સ્વતંત્રપણે ટકી રહે છે.

આ છ સામાન્ય ગુણો મુખ્ય છે, આ સિવાય બીજા સામાન્ય ગુણો પણ છે આ રીતે ગુણો દ્વારા દ્રવ્યનું સ્વરૂપ વધારે સ્પષ્ટતાથી જાણી શકાય છે. (ક્રમશઃ) ❋

---

અહા ! આત્માનું સુંદર એકત્વ-વિભક્ત સ્વરૂપ સંતો બતાવે છે. અપૂર્વ પ્રીતિ લાવીને તે શ્રવણ કરવા જેવું છે. જગતનો પરિચય છોડી, પ્રેમથી આત્માનો પરિચય કરી અંદર તેનો અનુભવ કરવા જેવો છે. આવા અનુભવમાં પરમ શાન્તિ પ્રગટે છે, ને અનાદિની અશાન્તિ મટે છે. આત્માના આવા સ્વભાવનું શ્રવણ-પરિચય-અનુભવ દુર્લભ છે, પણ અત્યારે તેની પ્રાપ્તિનો સુલભ અવસર આવ્યો છે. માટે હે જીવ ! બીજું બધું ભૂલીને તું તારા શુદ્ધસ્વરૂપને લક્ષમાં લે, ને તેમાં વસ. એ જ કરવા જેવું છે.

ગુરુદેવશ્રી વચનામૃત બોલ નં. ૨૪.

લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગદંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ. ૯. –શ્રી છઢાળા

## પંડિતરત્ન હિંમતલાલ જે. શાહ રચિત

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિનો અર્થ

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;

અનંતકાળથી અપાર દુઃખથી ભરેલા સંસાર- સાગરમાં ગળકાં ખાઈ રહેલા જીવને, તે સંસાર- સાગરમાંથી પાર ઊતરવા માટે જિનવાણી ઉત્તમ નૌકા છે. પરંતુ તે ઉત્તમ નૌકા કઈ દિશામાં ચલાવવી તેનો જાણકાર આત્મઅનુભવી નાવિક હોવો જોઈએ. માટે જ્ઞાની નાવિક મળ્યા વિના, એકલી જિનવાણીરૂપી નૌકા પણ સંસારસાગરને તારી શકે નહી; કારણ કે જિનવાણીના અર્થ સમજવા મુશ્કેલ છે; તે અર્થ ન સમજાય તો અનર્થ થઈ જાય— એકાંતમાં ઢળી જાય. માટે જિનવાણીના અંદરના વાસ્તવિક ભાવ આત્મઅનુભવી-જ્ઞાની જ જાણી શકે છે.

આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

સંસારી જીવોને સંસારસાગરમાંથી પાર ઉતારવા માટે જિનવાણીરૂપી નૌકા મળી પણ તેને ચલાવનાર શુદ્ધાત્મજ્ઞાની નાવિક સારા કાળમાં પણ મળવા મુશ્કેલ છે તો આ પંચમકાળમાં આત્મઅનુભવી નાવિક ક્યાંથી મળે? અનંતવાર જિનવાણી મળે પણ તેનું સ્વરૂપ યથાર્થ સમજાવનાર જ્ઞાની નાવિક ન મળે તો અનંતકાળનું દુઃખ ટળે નહી. પણ આ દુઃષમ કાળે મારા મહાન પુણ્યનો રાશિ ફળ્યો છે કે મને આ સંસારસાગરમાંથી પાર ઉતારવા માટે જિનવાણીરૂપી નૌકાને સાચી દિશામાં ચલાવનાર હે કહાનગુરુદેવ! આપ આત્મઅનુભવી નાવિક મળ્યા.

[હવે આ આત્મઅનુભવી કહાનગુરુદેવ નાવિક કેવા છે, તે બતાવે છે.]

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

હે કહાનગુરુદેવ! આપ આત્મ-અનુભૂતિને પ્રાપ્ત હોવાથી અંતરમાં ચિદાત્માના ભક્ત છો; અને બાહ્યમાં શ્રી સીમંધરભગવાનના ભક્ત છો, કારણ કે આપે પૂર્વભવે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધરભગવાનનાં સાક્ષાત્ દર્શન કર્યાં હતાં, અને તેમની અપૂર્વ દિવ્યધ્વનિ સાંભળી હતી. જ્યારે જ્યારે શ્રી સમવસરણસ્તુતિમાં આવે કે, "રે.....રે....

સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં.''—એ સાંભળતાં જ ભાવવિભોર થઈને આપનાં નેત્રોમાંથી અશ્રુની ધારા ચાલતી. એ જ સૂચવે છે કે આપ સીમંધરભગવાનના ભક્ત છો.

વર્તમાન વીરશાસનમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીના તત્ત્વજ્ઞાનને ઉજાળતા હોવાથી આપ મહાવીરભગવાનના ભક્ત છો; અને શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યનાં શાસ્ત્રોથી, તેમના ઉપદેશથી સ્વાનુભૂતિનું સાચુ સ્વરૂપ સમજીને આપે આત્માનુભૂતિ પ્રગટ કરી હોવાથી શ્રી કુંદકુંદાચાર્યના તમે પરમ ભક્ત છો. જ્યારે જ્યારે શ્રી કુંદકુંદાચાર્યની વાત આવે ત્યારે ત્યારે આપ, 'પ્રમત્ત-અપ્રમત્તદશામાં ઝૂલતા એવા કુંદકુંદ મહામુનિ હતા!' એમ કહેતાં શ્રી કુંદકુંદાચાર્ય પ્રત્યેની આપની ભક્તિ હૃદયમાંથી ઊછળી પડે છે.

[પૂજ્ય કહાનગુરુદેવનો અંતર-બાહ્ય વૈભવ કેવો છે?]

હે કહાનગુરુદેવ! આપ સ્વાનુભૂતિએ પરિણમેલા હોવાથી અંતરમાં બસ આત્માની વિભૂતિમાં જ લીન રહેવું તે આપનો અંતરવૈભવ છે, અને બાહ્યમાં ન્યાય- યુક્તિ, અનુભવથી અને આગમ દ્વારા નિશ્ચય–વ્યવહારની સંધિપૂર્વક નિરૂપણ કરવાની અજબ શક્તિ એવો આપનો બાહ્યવૈભવ છે.—એવા અંતર- બાહ્યવૈભવની અદ્ભુત શક્તિથી હે કહાનગુરુદેવ! આપ મુમુક્ષુનાં નાવને તારો છો.

આમ પૂજ્ય કહાનગુરુદેવનો સ્વાનુભૂતિપરિણત અંતરવૈભવ અને તે દ્વારા આત્મઅનુભવથી નીકળતી રસબસતી સમૃદ્ધ વાણી મુમુક્ષુને તારવામાં નિમિત્ત બને છે.

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;

હે ગુરુદેવ! આપની દૃષ્ટિ એકલા શુદ્ધ ચૈતન્યને જ નીરખે છે કે, 'હું પરિપૂર્ણ જ્ઞાનમૂર્તિ ભગવાન છું, શક્તિએ કેવળીભગવાનના સુખથી ભરેલો સુખનિધિ છું.' એમ ત્રિકાળી શુદ્ધ નિર્મળ સ્વરૂપને જ આપની દૃષ્ટિ અવલંબે છે. જ્યારે જ્ઞપ્તિમાં (જ્ઞાનમાં) દ્રવ્ય-ગુણ-પર્યાય બધું જ જણાય છે. જેવી રીતે નાવિકની દૃષ્ટિ ધ્રુવના તારા ઉપર છે છતાં આજુબાજુનું તેને ખ્યાલમાં છે, એટલે કે નાવિક ધ્રુવના તારાના લક્ષે જ નાવ ચલાવે છે, તેમ કહાનગુરુદેવ શુદ્ધાત્માના ધ્યેયને ખ્યાલમાં રાખીને નાવને પાર ઉતારે છે.

શ્રી કહાનગુરુદેવની દૃષ્ટિ જ્ઞાયક.....જ્ઞાયક..... જ્ઞાયક, ધ્રુવ....ધ્રુવ.....ધ્રુવ ઉપર છે; તેના ઉપરથી તેમની દૃષ્ટિ હટતી જ નથી; છતાં પ્રમાણજ્ઞાનમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર વગેરે સાચા ભાવે વિલસે છે.

નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

હે કહાનગુરુદેવ! નિજશુદ્ધાત્માના આલંબને આપની પરિણતિ વિશેષ વિશેષ પુષ્ટ થતી સ્વરૂપમાં લીન થતી જાય છે; અને ચૈતન્યઘન વિષે નિમિત્ત- વ્યવહાર કાંઈ જ દેખાતાં નથી; એટલે કે ધ્રુવ ઉપરનું જોર ઊભું છે તેમાં નિમિત્ત-વ્યવહાર, શુભાશુભભાવ વગેરે અત્યંત ગૌણ થઈ જાય છે. એક ધ્રુવ તત્ત્વ, ધ્રુવના તારાની માફક દેખાય છે. દૃષ્ટિમાં તો એક ધ્રુવ–પરમપારિણામિકભાવ જ દેખાય છે; તેના જોરથી આગળ વધતાં વધતાં પરિણતિ દૃઢ થતી જાય છે.

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;

પૂજ્ય ગુરુદેવના હૈયાના દરેક ધબકારે ધબકારે 'સત્....સત્....સત્' 'જ્ઞાન....જ્ઞાન....જ્ઞાન' ધબકે છે, એટલે 'હું એક સત્ પદાર્થ છું; મારું જ્ઞાનરૂપી સત્ બધાથી જુદું છે.'—એમ તેઓશ્રીનું જીવન વણાઈ ગયું છે. 'હું સત્ છુ' એમ તેમને નિરંતર જોર રહેતું, અને તેમાંથી નીકળતી તેમની વાણી વજ્રવાણી છે. પૂજ્ય ગુરુદેવની વાણીની સિંહગર્જનાથી કાયરના કાળજાં ધ્રૂજી ઊઠે છે, મિથ્યાત્વનો ભૂકો બોલી જાય છે; કારણ કે તેઓશ્રીની વાણીમાં શુદ્ધાત્માના અનુભવનું જોર છે, જેથી તેમની વાણીમાં અસાધારણ દૃઢતા આવે છે.

[પૂજ્ય ગુરુદેવની વજ્રવાણીથી મુમુક્ષુની સ્થિતિ શું થાય? તે વર્ણવે છે.]

પૂજ્ય ગુરુદેવની વજ્રવાણીના હથોડા પડવાથી ઉત્તમ મુમુક્ષુની સત્તા—અસ્તિત્વ ઝળકે છે. જે સત્તા કાટ ચઢીને દટાઈ ગઈ હતી તે ઝળકી ઊઠે છે અને પરદ્રવ્ય સાથેનો સંબંધ (નાતો) તૂટી જાય છે. તારું સત્ તારામાં અને પરદ્રવ્યનું સત્ પરમાં—એમ ઉત્તમ મુમુક્ષુ જીવની સત્તા ઝળકી ઊઠે છે. જે આત્મા ભાસતો નહોતો તે આત્મા તેને મુખ્ય થઈને રહે છે. 'હું એક મહાન સત્ પદાર્થ છું'—સુમુમુક્ષુનું તે સત્ત્વ આપની વજ્રવાણીથી ઝળકી ઊઠે છે.

—રાગદ્વેષ રુચે ન, જંપે ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

વળી પૂજ્ય ગુરુદેવની વજ્રવાણીના ફળરૂપે (મુમુક્ષુને) રાગદ્વેષાદિ વિકારી ભાવો અંદરમાં રુચતા નથી. અંદરથી નકાર આવે છે કે આ મારું સ્વરૂપ નથી. એક વીતરાગતત્ત્વ જ શોધવાની રુચિ રહે છે. મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન આદિ ભાવેન્દ્રિમાં—અંશમાં જંપ વળતો નથી; પરંતુ એક સ્વભાવભૂત ટંકોત્કીર્ણ જ્ઞાન— કેવળજ્ઞાનના સામર્થ્યથી ભરેલું જ્ઞાન—તેની

શ્રદ્ધામાં જ જંપ વળે છે. અલ્પ જ્ઞાનમાં સંતોષ નથી, ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન—પરમપારિણામિકભાવ—તેનો જ હૃદયમાં મહિમા સ્થપાય છે, તે જ રુચે છે. પૂજ્ય ગુરુદેવની વાણી સાંભળીને એટલે કે હૃદયમાં જેને પૂજ્ય ગુરુદેવનો ઉપદેશ પરિણમ્યો છે તે મુમુક્ષુને ટંકોત્કીર્ણ જ્ઞાયકનો મહિમા હૃદયમાં સર્વદા રહે છે. ભલે તે વિકલ્પાત્મક હોય, પણ શરૂઆતની ભૂમિકામાં તર્ક–ન્યાયપૂર્વક જ્ઞાનની શ્રદ્ધા હોય તે પૂજ્ય ગુરુદેવની વજ્રવાણીના ફળરૂપે છે.

આમ પૂજ્ય ગુરુદેવની વજ્રવાણીથી મુમુક્ષુને વિકારીભાવો ઉપરનું જોર નથી રહેતું, પોતાના આંશિક ભાવ ઉપર પણ જોર રહેતું નથી. પોતામાં રહેલા ટંકોત્કીર્ણ જ્ઞાયકને જોયા વિના જંપ વળતો નથી; તે જ્ઞાયકને પામવાની હંમેશાં તાલાવેલી રહે છે.

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,

સુધાઝરતી શીતળ શીતળ વાણી જેમાંથી નિરંતર ઝરે છે તેવા હે ચંદ્ર જેવા પૂજ્ય ગુરુદેવ! આપને હું નમસ્કાર કરું છું.

કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;

હે ગુરુદેવ! આપ નિષ્કારણ કરુણાના સાગર છો. અમારા ઉપર કરુણા કરી સંસારસમુદ્રથી પાર ઉતારવાનો ઉપદેશ આપ્યો છે. સત્ય તત્ત્વ સમજાવી અકારણકરુણા વર્ષાવનાર હે ગુરુદેવ! આપને હું નમસ્કાર કરું છું.

હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,

જ્ઞાનરૂપી ધાન્યના પોષક સુમેઘ એવા હે ગુરુદેવ! આપ અમારા જ્ઞાનની નિત્યે વૃદ્ધિ કરનારા છો. એવા જ્ઞાનપોષક સુમેઘ ગુરુદેવ! આપને હું નમસ્કાર કરું છું.

આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

હે જીવનના શિલ્પ કરનારા! આપને હું નમું છું. આપ આ દાસના જીવન-ઘડવૈયા છો. તેમાં જે કાંઈ ખામી હોય તે અમારી છે. એવા હે કુશળ જીવનશિલ્પી ગુરુદેવ! આપને હું નમસ્કાર કરું છું.

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;

હે ચૈતન્યમૂર્તિ ગુરુદેવ! આપની વાણી અનુભવ- સ્પર્શી અને હૃદયમાં સૂક્ષ્મ ભાવોથી ભરેલી છે, જે ઘણાં જ ગહન રહસ્યોથી ભરેલી, ઠેઠ દ્રવ્યના તળને સ્પર્શીને—પર્યાયગત

નહીં, ઉપર ઉપરથી નહીં, પણ સુખનો સાગર ભગવાન આત્માના છેવટના ધ્રુવતત્ત્વને, પરમપારિણામિકભાવને સ્પર્શીને—આવતી શીતળ શીતળ આત્મતત્ત્વનો ભાસ કરાવનારી છે. આપની વાણીની અગાધતાનો પાર નથી; અમે અમારી શક્તિ પ્રમાણે સૂક્ષ્મ ભાવો પકડીએ છીએ.

ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

હે ગુરુદેવ! આપની વાણી સાંભળીને, તેની અંદરના અનુભવયુક્ત ઊંડા ભાવો વિચારીને, ધ્રુવતત્ત્વ સુધી પહોંચેલા ભાવોને વિચારીને, ચિત્તમાં નવો નવો મહિમા લાવીને, જે અનાદિથી ચૈતન્યરત્ન—ત્રિકાળશુદ્ધ આત્મતત્ત્વ ખોવાઈ ગયું છે, તેને હું પામું—એવી મારા હૃદયની ભાવના છે.—તો હે શક્તિશાળી ભગવાન (ગુરુદેવ)! તે મારી ભાવના પૂરી કરજો. અંદરમાં મારું ધ્રુવતત્ત્વ પડ્યું છે તેનું જોર રહે—અવલંબન રહે અને, પરિપૂર્ણ ભાસે એવો મારા મનનો મનોરથ હે શક્તિશાળી ગુરુદેવ! આપ પૂરજો.

*

મોક્ષના શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવનાર અને સાચા માર્ગને પ્રકાશનાર પરમ પુરુષ શ્રી સદ્‌ગુરુદેવનાં ચરણોમાં અત્યંત ભક્તિભાવે નમસ્કાર.

---

(અનુસંધાન પેજ નં. ૧૦ થી ચાલુ) (વૈરાગ્ય ભાવના)

જીવને સુખ-દુઃખની કલ્પના થાય છે, તેમાં પુદ્‌ગલનો ઉપકાર છે. જીવન-મરણ, હર્ષ-શોક આ બધા ભાવોમાં પુદ્‌ગલ નિમિત્ત છે. જ્યાં સુધી આયુષ્ય હોય; ત્યાં સુધી જીવન રહે છે અને આયુષ્ય સમાપ્ત થઈ જવાથી મરણ થાય છે; આ પ્રકારે જીવન-મરણ આદિમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે. જીવનો સમસ્ત સંસાર પુદ્‌ગલના નિમિત્તથી છે. સંસારી જીવને અનેક પ્રકારના પરિણામ થાય છે, તેમાં પુદ્‌ગલદ્રવ્ય નિમિત્ત છે; આ પ્રમાણે સમસ્ત વિકારી પરિણામોમાં પુદ્‌ગલદ્રવ્ય નિમિત્ત થાય છે—આવી તેની શક્તિ છે.

(ક્રમશઃ) *

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

ગયો હોવાથી તેને એકરૂપતા દેખાતી નથી. એમ કહીને કહે છે કે વાંક તારો છે, તું પરથી ભિન્ન અસંગ પદાર્થ છે, પણ તું પર પદાર્થનો સંગ કરે છે તેથી તારામાં જ્ઞાતાદ્રષ્ટા ને આનંદની એકરૂપતા જોઈએ તે દેખાતી નથી. (ક્રમશઃ) *

# દાન

એક રાજમાતાએ પોતાના પુત્રને કહ્યું–

બેટા! તારી સામે એક મોટા પર્વત જેવડો ધનનો ઢગલો રાખવામાં આવે તો, તું તે કેટલા દિવસમાં દાન કરી દઈશ?

ત્યારે પુત્રે માતાને તરત જ જવાબ આપ્યો–

મા, હું તો એક મિનિટમાં જ તે બધું દાન આપી દઈશ; પરંતુ લેનારાઓ તે કેટલા દિવસમાં લઈ જશે–તેની હું ખાતરી આપી શકતો નથી.

દાતાર કેટલો મહાન છે!

બધો પરિગ્રહ એકક્ષણમાં છોડી શકાય છે... પણ તેનું ગ્રહણ એક ક્ષણમાં નથી થતું. ત્યાગ મહાન છે. સંસારનો ત્યાગ ગણી-ગણીને શું કરવો? એક સામટો જ ત્યાગ કરી દેવો.

पानी बाढे नावमें, घरमें बाढे दाम,
दोनों हाथ उलेचीये, यही शयानो काम.

નાવમાં પાણી ભરાતું હોય ને ઘરમાં ધન વધતું હોય, તો બંને હાથે તેને ઉલેચવા માંડવું–એ સૂજ્ઞપુરુષોનું કર્તવ્ય છે.

લક્ષ્મી ભેગી કરીને ભંડારમાં ભરી રાખવી તે તેનો સદુપયોગ નથી, પણ ઉત્તમ કાર્યોમાં તે વાપરી નાખવી તે જ તેનો સદુપયોગ છે. જેમ જીવનનો સદુપયોગ સ્વાનુભૂતિ છે તેમ લક્ષ્મીનો સદુપયોગ સુપાત્ર-દાન છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સંસારદશા તે દુઃખરૂપ છે અને મોક્ષદશા તે સુખરૂપ છે છતાં એ બંનેમાં તફાવત નથી તેમ કેમ કહ્યું છે?

ઉત્તર :—સંસાર અને મોક્ષ બંને એક સમયની પર્યાય છે એ બંને પર્યાયમાં ત્રિકાળી વસ્તુની અપેક્ષાએ તફાવત નથી. આ બહુ આકરી વાત છે. ક્ષાયિક આદિ ચાર ભાવોને પરદ્રવ્ય, પરભાવ કહીને હેય કહ્યાં છે. વ્યવહારના પક્ષવાળાને સાંભળવું મુશ્કેલ પડે એવી વાત છે. સંસાર અને મોક્ષ તે બંને પર્યાયો છે ખરી રીતે આશ્રય કરવા યોગ્ય નથી. આશ્રય કરવા યોગ્ય તો એક ત્રિકાળી દ્રવ્ય જ છે, નિયમસાર ગાથા ૫૦ માં બહુ આકરી વાત કરી છે. આચાર્યદેવે પોતાના માટે એ શાસ્ત્ર બનાવેલ છે, તેમાં કેવળજ્ઞાન આદિ ક્ષાયિકભાવને પરભાવ, પરદ્રવ્ય કહીને હેય કહ્યું છે. આ પરમાત્માના ઘરની વાતો છે, પરમ સત્ય છે. અંદરથી સમજવાની ધગશ લાગે તેને ન સમજાય તેમ ન બને, સમજાય જ.

**પ્રશ્ન :—એક વસ્તુ બીજી વસ્તુની નથી તેથી એક વસ્તુને બીજી વસ્તુ સાથે કાંઈ સંબંધ નથી તો શાસ્ત્રમાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધના લખાણો આવે છે તે ક્યાં ગયા ?**

ઉત્તર :—એ તો નૈમિત્તિક ભાવ પોતાથી પરિણમે છે તે કાળે નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવવાના લખાણ શાસ્ત્રમાં છે. નિમિત્ત છે તે નિમિત્તમાં પરિણમે છે અને નૈમિત્તિક છે તે નૈમિત્તિકમાં પરિણમે છે. એક વસ્તુને બીજી વસ્તુ કાંઈ જ કરતી નથી, બે વસ્તુ જુદી જ છે તો એક વસ્તુ બીજી વસ્તુને કરે શી રીતે?

**પ્રશ્ન :—નિમિત્ત તે ખરેખર કારણ નથી છતાં તેને કારણ કેમ કહ્યું ?**

ઉત્તર :—જેને નિમિત્ત કહેવાય તે પદાર્થમાં તેવા પ્રકારની (–નિમિત્તરૂપ હોવાની) લાયકાત છે; તેથી અન્યપદાર્થોથી તેને જુદું ઓળખાવવા માટે તેને 'નિમિત્તકારણ' એવી સંજ્ઞા આપી છે. જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે તેથી તે પરને પણ જાણે છે અને પરમાં નિમિત્તપણાની લાયકાત છે તેને પણ જાણે છે.

પ્રશ્ન :—ઉપાદાનને અનુકૂળ નિમિત્ત છે અને નિમિત્તને અનુરૂપ ઉપાદાન છે. પણ એક બીજાને કોઈ કાંઈ કરતું નથી.—તો નિમિત્તનું કામ શું છે?

ઉત્તર :—ઘડો થવામાં કંદોઈ ન હોય પણ કુંભાર હોય એ બતાવવા કહ્યું છે.

પ્રશ્ન :—ઘડો કુંભારથી તો થતો નથી પણ માટીથી પણ થાય નહિ?

ઉત્તર :—ઘડો ઘડાની પર્યાયના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે, માટી-દ્રવ્યથી પણ નહિ, માટી દ્રવ્ય તો કાયમ છે. ઘડો—રામપાત્ર આદિ પર્યાયો નવી નવી ઉત્પન્ન થાય છે ને પર્યાયો પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે.

પ્રશ્ન :—ચોખા વર્ષો સુધી પડ્યા રહે પણ પાણીના નિમિત્ત વિના નહિ પાકે, પાણી આવશે ત્યારે પાકશે.

ઉત્તર :—ચોખા પાકશે ત્યારે તેના પોતાનાથી જ પોતાની યોગ્યતાથી જ પાકશે અને તે કાળે પાણી નિમિત્તરૂપ સહજ જ હશે આવો વસ્તુસ્વભાવ છે.

આહાહા! તે તે દ્રવ્યની તે તે કાળની પર્યાય યોગ્યતા અનુસાર જ થાય છે, તે તેનો સ્વકાળ છે ત્યારે થાય છે. તે થવા કાળે બાહ્ય ચીજને નિમિત્તપણાનો આરોપ આવે છે. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે તો બીજું દ્રવ્ય ક્યાં રહ્યું? અનંત દ્રવ્યો અસ્તિરૂપ છે તે દરેકને ભિન્ન ભિન્ન અસ્તિરૂપે માને ત્યારે શ્રદ્ધા-જ્ઞાન સાચા થશે.

પ્રશ્ન :—આત્મામાં જે શુભાશુભ ભાવો થાય છે તેનું મૂળ ઉપાદાન કોણ?

ઉત્તર :—અશુદ્ધ ઉપાદાનથી આત્મા પોતે શુભાશુભ ભાવમાં વ્યાપક થઈને કરતો હોવાથી આત્મા તેનો કર્તા છે અને શુદ્ધ ઉપાદાનથી જોઈએ તો પુણ્ય-પાપ ભાવ તે આત્માનો સ્વભાવભાવ ન હોવાથી અને તે પુદ્ગલના લક્ષે થતા હોવાથી તે પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલ તેમાં વ્યાપક થઈને કર્તા થાય છે. જ્યારે સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે જ્ઞાની યોગ અને ઉપયોગ (રાગ)નો સ્વામી થતો ન હોવાથી જ્ઞાની તેનો કર્તા નથી પણ જ્ઞાનીના જ્ઞાનમાં રાગ નિમિત્ત થાય છે.

પ્રશ્ન :—દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર અને નિરપેક્ષ છે છતાં જ્યારે જીવને રાગ થાય ત્યારે જ પરમાણુ કર્મરૂપે કેમ પરિણમે છે?

ઉત્તર :—જીવને રાગ થયો તેથી પરમાણુ કર્મરૂપે પરિણમ્યા નથી પણ પરમાણુનું કર્મરૂપે પરિણમન થવાનો તે જ સ્વકાળ હોવાથી જીવના રાગની અપેક્ષા વિના જ સ્વતંત્રપણે પરમાણુ કર્મરૂપે પરિણમે છે. એવો જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સહજ છે. આ બહુ સૂક્ષ્મ વાત છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધની સહજતાનું અજ્ઞાનીને ભાન નહિ હોવાથી જ બે દ્રવ્યોમાં કર્તા-કર્મનો ભ્રમ થાય છે. દરેક દ્રવ્યના પરિણમનને પરની અપેક્ષા જ નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર જ પરિણમી રહ્યા છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રગટ કરવા, પહેલાં પ્રમાણજ્ઞાનથી પુરુષાર્થ ઉપાડીએ કે ધ્રુવ-જ્ઞાયકના જોરથી પુરુષાર્થ ઉપાડીએ? કઈ રીત છે?

સમાધાન :—બંને ભેગું છે. હું જ્ઞાયક છું, ધ્રુવ છું એવું જોર હોય અને પર્યાયમાં અધૂરાશ છે તેનું જ્ઞાન હોય—એ બંને રીતે પુરુષાર્થ ઊપડે છે. દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે એવું જોર હોવા છતાં દ્રવ્યમાં શુદ્ધતા છે અને પર્યાયમાં અશુદ્ધતા છે એમ બંનેનું જ્ઞાન પ્રમાણમાં સાથે રહે છે. પરિણતિ ભલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે, (દૃષ્ટિ ભલે દ્રવ્યની હોય) તો પણ જ્ઞાન સાથે જ રહે છે.

પ્રશ્ન :—પુરુષાર્થ કરવા માટે જોર કોના ઉપર આપવું?

સમાધાન :—જોર દ્રવ્ય ઉપર જાય છે, પણ જ્ઞાન સાથે રહે છે. એકલું દ્રવ્ય ઉપર જોર જાય અને પર્યાય કાંઈ છે જ નહિ એમ માને તો દ્રવ્ય ઉપરનું જોર ખોટું થાય છે. દ્રવ્ય ઉપર જોર રાખે અને પર્યાયમાં રાગ કે કાંઈ નથી એમ જાણે તો દ્રવ્યનું જોર ખોટું થાય છે. બંને—દૃષ્ટિ ને જ્ઞાન સાથે રહે છે. અને તો જ તેની દ્રવ્યદૃષ્ટિ પણ સમ્યક્ છે. સમ્યગ્જ્ઞાન સાથે ન હોય તો દ્રવ્યદૃષ્ટિ પણ સમ્યક્ નથી. ભલે દ્રવ્ય ઉપરનું જોર મુખ્ય રહે તો પણ (પર્યાયનું) જ્ઞાન સાથે રહે છે. એટલે પ્રમાણજ્ઞાન કાંઈ કામનું નથી એવો તેનો અર્થ નથી. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક પ્રમાણજ્ઞાન સાથે જ રહે છે.

પ્રશ્ન :—પ્રમાણજ્ઞાન કામનું છે તે કેવી રીતે?

સમાધાન :—દ્રવ્યદૃષ્ટિ ગ્રહણ કરતાં દ્રવ્ય શુદ્ધ છે એમ જોર આવવા છતાં પર્યાયમાં અશુદ્ધતા છે તે ખ્યાલ જ્ઞાનમાં છે. જ્ઞાનને શુદ્ધતા અને અશુદ્ધતા—બંનેનો ખ્યાલ છે. અને તેથી અશુદ્ધતાને ટાળવાનો પુરુષાર્થ ઊપડે છે. માટે તે પણ કામનું છે. અશુદ્ધતા ટાળવી છે અને શુદ્ધ પર્યાય પ્રગટ કરવી છે તેને માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર હોય છે. છતાં હજી પર્યાયમાં અશુદ્ધતા છે અને શુદ્ધ પર્યાય પ્રગટ કરવી છે તેથી પ્રમાણજ્ઞાન પણ કામનું છે. દ્રવ્યદૃષ્ટિના જોરથી અને પ્રમાણજ્ઞાનથી—બંનેથી પુરુષાર્થ ઊપડે છે. બેમાંથી એક જ હોય તો દૃષ્ટિ ને જ્ઞાન બંને ખોટાં થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ન હોય અને માત્ર જ્ઞાનથી વિચાર કરે તો પણ જ્ઞાન સમ્યક્ થતું નથી. અને દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર હોય

અને જ્ઞાન કામ ન કરે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર એકાન્ત થયું. અર્થાત્ પર્યાયનો–સ્વરૂપગ્રહણનો પુરુષાર્થ થયો કે નહિ તેનો–કાંઈ ખ્યાલ જ નથી તો દ્રવ્યદૃષ્ટિ ખોટી થાય છે. મુક્તિના માર્ગમાં બંને કામ કરે છે. મુખ્યતા ભલે દ્રવ્યદૃષ્ટિના જોરની હોય, પણ પ્રમાણજ્ઞાન સાથે હોય છે. બંને સાથે ને સાથે કામ કરે છે.

પ્રશ્ન :—પ્રમાણજ્ઞાન સાથે ન રાખીએ તો નિશ્ચયાભાસી થવાનો અવકાશ છે?

સમાધાન :—હા, નિશ્ચયાભાસી થવાનો અવકાશ છે, તેની દ્રવ્યદૃષ્ટિ જ ખોટી છે.

મુમુક્ષુઃ—અનેકાન્તની શૈલી એવી છે કે બંને પાસાંથી સ્વરૂપ તરફ જવાની પ્રેરણા મળે.

બહેનશ્રીઃ— હા, અનેકાન્તનું સ્વરૂપ જ એવું છે. દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ છું એમ દૃષ્ટિમાં એકાન્ત આવ્યું ત્યારે દ્રવ્ય-પર્યાયનું જ્ઞાન પણ સાથે રહે છે. એટલે કે સમ્યક્ એકાંતની સાથે અનેકાન્ત રહેલું છે અને તો એકાન્ત સાચું થાય છે.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન કરવા માટે એક ક્ષણભંગુરતાનો વિચાર કરીને વૈરાગ્ય લાવે અને એક આત્માનું બહુમાન લાવે, તે બેમાંથી કાર્યકારી કોણ?

સમાધાન :—વૈરાગ્ય લાવવા માટે બધું ક્ષણિક છે એમ વિચારે તેની સાથે આત્માની મહિમા બધું હોય. વૈરાગ્ય આવે તે માટે એમ વિચારે કે આ દેહ ક્ષણભંગુર છે, આ શરીર શાશ્વત નથી, આત્મા મહિમાવંત છે, આ બધું દુઃખરૂપ અને આકુળતામય છે. એમ અનેક પ્રકારથી વૈરાગ્ય આવે. વૈરાગ્ય આવે તેમાં આત્માને ઓળખવાનું ધ્યેય (મુખ્ય) હોવું જોઈએ. મારો આત્મા શાશ્વત છે અને આ દેહ ક્ષણભંગુર છે એમ પોતાના અસ્તિત્વ તરફ પોતાનું જોર આવવું જોઈએ. આ દેહ શાશ્વત નથી, તો શાશ્વત શું છે? શાશ્વત મારો આત્મા છે. આ રીતે શાશ્વત આત્માના ધ્યેયપૂર્વક આ બધું ક્ષણભંગુર છે એ વૈરાગ્ય યથાર્થ છે.

પ્રશ્ન :—નિરંતર ભેદજ્ઞાન કરતાં રહેવું?

સમાધાન :—અંતરનો સ્વભાવ ઓળખી નિરંતર ભેદજ્ઞાન કરવું. જોકે અંતરથી ભેદજ્ઞાન થાય ત્યારે જ યથાર્થ ભેદજ્ઞાન થાય; પણ તે ન થાય ત્યાં સુધી ભાવના–રટણ કરે. પ્રથમ ભલે વિકલ્પથી ભેદજ્ઞાન કરે, પણ યથાર્થ તો જ્યારે સહજ થાય ત્યારે થાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી અને ભેદજ્ઞાન કરવું તે એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

## બાળ વિભાગ

# શ્રીકૃષ્ણનું મૃત્યુ

### (હરિવંશ પુરાણનો એક વૈરાગ્ય પ્રસંગ)

દ્વીપાયન મુનિના ક્રોધથી દ્વારિકા નગરી બળીને ખાખ થઈ ગઈ. શ્રીકૃષ્ણ અને બળદેવ જેવા મહાપરાક્રમી યોદ્ધા પણ તે નગરીને બચાવી શક્યા નહીં, પરંતુ પોતાના માતા-પિતાને નગરીની બહાર કાઢવામાં અસમર્થ થયા. અરે ! જુઓ, આ સંસારની સ્થિતિ ! આવા પુણ્યનો શું ભરોસો !! બળદેવ અને વાસુદેવ જેવા મહાપુણ્યશાળી પુરુષ, જેમની પાસે ત્રણ ખંડનું રાજ્ય, સુદર્શન ચક્ર જેવી મહાન વિભૂતિ, અચિંત્ય શારીરિક બળ તથા હજારો દેવ અને રાજા જેમની સેવા કરતાં હતા—એવા મહાન રાજા પણ પુણ્ય સમાપ્ત થઈ જવાથી રત્ન અને રાજ્યથી રહિત થઈ ગયા. દેવ છોડીને ચાલ્યા ગયા, મહેલ અને નગરી ખાખ થઈ ગઈ. સમસ્ત પરિવારનો વિયોગ થઈ ગયો, માત્ર પ્રાણ જ તેમનો પરિવાર રહી ગયો....

દ્વારિકા નગરીને બળતી છોડીને બળદેવ અને શ્રીકૃષ્ણ દક્ષિણ દિશા તરફ જઈ રહ્યા છે, ત્યારે વચમાં કૌશાંબી નામનું ભયંકર વન આવ્યું, બળતી બપોરમાં તે નિર્જન વનમાં મૃગજળ તો ઘણું દેખાઈ રહ્યું હતું પરંતુ પાણી હકીકતમાં દુર્લભ હતું. તે સમયે થાકેલા શ્રીકૃષ્ણને તીવ્ર તરસ લાગી ... અને બળદેવને કહેવા લાગ્યા—

“હે ભાઈ ! મને ખૂબ જ તરસ લાગી છે, પાણી વગર મારા હોંઠ અને તાળવું સુકાઈ રહ્યું છે, અને હવે એક ડગલું પણ ચાલી શકું તેમ નથી, માટે મને જલ્દીથી શીતળ જળ પીવડાવો. જે પ્રમાણે અનાદિથી અસાર સંસારથી સંતપ્ત(તાપથી પીડાયેલા) જીવને સમ્યગ્દર્શનરૂપી જળની પ્રાપ્તિ થવાથી તેને ભવનો તાપ શાંત થાય છે, તેમ જ મારા માટે શીતળ જળ લાવો, જેનાથી મારી તરસ મટે.” તરસને કારણે શ્રીકૃષ્ણના મોઢામાંથી મંદ-મંદ શ્વાસ નીકળી રહ્યો હતો. અરેરે ! ત્રણ ખંડના સ્વામીને પાણીનું સંકટ આવી પડ્યું છે.

બળદેવ દુઃખી થઈને અત્યંત સ્નેહથી કહે છે —“હે હરિ ! હે ભાઈ ! હે ત્રણ ખંડના રક્ષણહાર ! હું મારા અને તમારા માટે જલ્દી શીતળ જળ લાવું છું.... ત્યાં સુધી તમે જિનેન્દ્ર ભગવાનના સ્મરણપૂર્વક પોતાની તૃષા શાંત કરો. તમે તો જિનવાણીના અમૃતપાન દ્વારા હમેશા તૃપ્ત છો. આ પાણી તો થોડા સમય માટે તરસને શાંત કરે છે અને પછી તરસ લાગવા માંડે છે. અરે ! જિનવચનરૂપી અમૃત તો હમેશાને માટે વિષય-તૃષ્ણાને જડમૂળથી શાંત કરે છે. હે જિનશાસનના જાણનારા ! તમે આ વડલાની શીતળ છાયામાં આરામ કરો. હું હમણાં જ પાણી લાવું છું. તમે ચિત્તને શીતળ કરીને શાંતભાવરૂપ નિજ ભવનમાં જિનેશ્વરની સ્થાપના કરો.”

આ પ્રમાણે મોટાભાઈએ નાનાભાઈને સમજાવીને તેના માટે પાણીની શોધમાં નીકળી પડ્યા. કૃષ્ણના દુઃખથી તેમનું મન પણ દુઃખી હતું, તે પોતાનું સુખ ભૂલી ગયા છે... એક કૃષ્ણની જ ચિંતા છે... તે તેમના માટે પાણી લેવા ઘણા દૂર સુધી ચાલ્યા ગયા. રસ્તામાં ઘણાં અપશુકન પણ થયા, પણ તેના તરફ તેમણે ધ્યાન ન કર્યું.

આ બાજુ શ્રીકૃષ્ણ ખૂબ જ થાકેલા હોવાથી પોતાના મનમાં જિનેન્દ્ર ભગવાનનું સ્મરણ કરીને, વૃક્ષની છાયામાં પીતાંબર વસ્ત્ર ઓઢીને સૂઈ ગયા. દૈવયોગથી તેમનો ભાઈ જરતકુમાર પણ ત્યાં આવી પહોંચ્યો, તે પણ આ વનમાં એકલો શિકારની શોધમાં ફરી રહ્યો હતો. તે શ્રી નેમિનાથ ભગવાનના વચનોની શ્રદ્ધા વગરનો અને ભાઈના પ્રત્યે અત્યંત સ્નેહને કારણે, તેમની રક્ષા માટે જ દ્વારિકાથી દૂર જઈને વનમાં રહેતો હતો, પરંતુ ભગવાને ભાખેલું ભવિતવ્યને કોણ મટાવી શકે ? જે વનમાં તે રહેતો હતો, તે જ વનમાં શ્રીકૃષ્ણ પણ આવી ગયા.... શ્રીકૃષ્ણે ઓઢેલું વસ્ત્ર હવામાં ઊડી રહ્યું હતું, તેને દૂરથી જોઈને સસલાનું કાન સમજીને દુષ્ટ પરિણામી જરતકુમારે બાણ છોડ્યું... ને તે બાણથી નારાયણના પગનું તાળવું છેદાઈ ગયું. ભાઈના હાથે જ ભાઈનો ઘાત થયો. દુર્નિવાર ભવિતવ્યનો અંત આખરે થઈને જ રહ્યો.

પગમાં બાણ વાગતા જ શ્રીકૃષ્ણ એકદમ ઊઠ્યા અને ચારે તરફ જોયું, પરંતુ ત્યાં કોઈ દેખાયું નહીં, માટે તે ઊંચા અવાજે બોલ્યા—

‘‘અરે ! આ નિર્જન વનમાં મારો શત્રુ કોણ છે ? જેણે મારો પગ છેદીને મને ઘાયલ કર્યો ? તમે જે કોઈ હો, પોતાનું નામ અને કુળ બતાવો... કારણ કે નામ અને કુળ જાણ્યા વગર હું કોઈનો વધ કરતો નથી—આ મારું વચન છે, માટે તમે કોણ છો ? અને જાણ્યા વગર કઈ દુશ્મનીથી તમે મારા પ્રાણનો અંત કરવા માગો છો, તે કહો.’’

ત્યારે જરતકુમારે જાણ્યું કે અરે ! આ તો પ્રાણીને બદલે કોઈ ઉત્તમ મનુષ્ય મારા બાણથી ઘાયલ થઈ ગયો છે, માટે ખેદપૂર્વક પોતાનો પરિચય આપતા તેણે કહ્યું—

‘‘આ પૃથ્વી ઉપર હરિ નામનો પ્રસિદ્ધ વંશ છે, જે વંશમાં ભગવાન નેમિનાથે અવતાર લીધો, જે વંશમાં શ્રીકૃષ્ણે જન્મ લીધો, તે હરિવંશમાં હું પણ ઉત્પન્ન થયો છું.... શ્રી વસુદેવ, જે શ્રીકૃષ્ણના પિતા છે, હું તેમનો જ પુત્ર જરતકુમાર છું. જ્યારે નેમિનાથ ભગવાનની વાણીમાં સાંભળ્યું કે બાર વર્ષ બાદ મારા જ હાથે મારા ભાઈ શ્રીકૃષ્ણનું મરણ થશે... ત્યારથી શ્રીકૃષ્ણના મોહને કારણે હું તેમની રક્ષા માટે નગર છોડીને આ નિર્જન વનમાં આવ્યો છું... અને એકલો જ ભટકી રહ્યો છું.. આ વનમાં મને બાર વર્ષથી વધારે વર્ષ વીતી ગયા છે. (અરે જીવ ! ભવિતવ્યના યોગથી તું પણ

ગણતરી ભૂલી ગયો...હજી બાર વર્ષ પૂરા થયા નથી... જેમ દ્વારિકાના નગરજનો તથા દ્વીપાયન મુનિ દૈવયોગથી ગણતરી ભૂલી ગયા હતા.. તેમ તમે પણ ....)

જરતકુમાર આગળ કહે છે કે—''આ વનમાં હું બાર વર્ષથી એકલો ભમી રહ્યો છું. હજી સુધી મેં અહીં ઉત્તમ પુરુષના વચન સાંભળ્યા નથી. માટે તમે કોણ છો અને અહીં શા માટે આવ્યા છો ? તે કહો.''

(અરે જુઓ તો ખરા ! પુણ્યયોગ સમાપ્ત થવાથી શ્રીકૃષ્ણ જેવા મહાત્માની પણ આવી દશા થઈ ગઈ કે તેમનો ભાઈ પણ તેમને સમજી શક્યો નહીં....)

શ્રીકૃષ્ણ સમજી ગયા કે આ તો મારા મોટાભાઈ જરતકુમાર છે. અહો ! ભગવાને ભાખેલું ભવિતવ્ય કદાપિ મિથ્યા થતું નથી. શ્રીકૃષ્ણે જરતકુમારને સ્નેહથી પોતાની પાસે બોલાવ્યા—''હે ભાઈ ! તમે અહીં મારી પાસે આવો.''

પાસે આવતા જ જરતકુમારે શ્રીકૃષ્ણને ઓળખી લીધા કે—''અરે ! આ તો વાસુદેવ !! મારા નાનાભાઈ !! શું મારા જ બાણથી ઘાયલ થઈ ગયા ? હાય ! મને ધિક્કાર છે ! મને ધિક્કાર છે !!'' એમ કહીને તેમણે ધનુષ્ય-બાણ ફેંકી દીધા અને શ્રીકૃષ્ણની પાસે પડી ગયા.

''હે મોટાભાઈ ! તમે શોક ન કરો, સર્વજ્ઞદેવે ભાખેલું ભવિતવ્ય કોઈથી ટાળી શકાતું નથી. મારા પ્રાણની રક્ષા માટે તમે રાજપાટ, સુખ-સંપત્તિ છોડીને એકલા વનમાં રહ્યા, ભવિતવ્યના નિવારણ માટે તમે ઘણી કોશીશ કરી, પરંતુ ભવિતવ્ય ટાળી શકાતું નથી. બાહ્યમાં ભાગ્ય જ જે સમયે પ્રતિકૂળ હોય, તે સમયે અમે શું પ્રયત્ન કરી શકીએ ? માટે તમે શોક છોડો, હવે સર્વજ્ઞ ભગવાન ઉપર શ્રદ્ધા રાખો, આ હિંસાદિ પાપને છોડો અને શ્રાવકના વ્રત ધારણ કરો.'' (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

ભિન્નતા જાણપણામાં આવી પણ પાછો ત્યાં ને ત્યાં આસ્રવમાં વર્તે છે તો એ જ્ઞાન જ નથી. આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ ને વિકારીભાવો એ બેની ભિન્નતા જાણીને શુભાશુભભાવમાં પ્રવર્તે છે તો એ અજ્ઞાન જ છે—એ રીતે જ્ઞાનનયનું ખંડન કર્યું અર્થાત્ જાણપણાથી—ધારણાથી ધર્મ થતો નથી એમ સિદ્ધ કર્યું. એ રીતે એકલું જાણપણું ધરાવે ને અંદર જ્ઞાનમાં—સ્વભાવમાં ન જાય તો એ જ્ઞાન જ નથી એ રીતે ક્રિયાનય અને જ્ઞાનનયનું ખંડન કર્યું. (ક્રમશઃ) ❊

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### ★ સાધક જીવની દૃષ્ટિ ★

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે—એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બન્ને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બન્ને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગદ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે—એમ વ્યવહારનયે કહેવામાં–સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે—એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્યગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

*ગુરુદેવશ્રીના વચનામૃત બોલ નં. ૧૬*

## (૭૮)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર ત્રણ પ્રકારે છે)

(૧) ભગવાન મહાવીર પછીના ત્રણ કેવળી – (૧) .......... (૨) .......... (૩) ..........

(૨) આત્માના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૩) ઉપયોગના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૪) સમ્યગ્દર્શનના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૫) પારિણામિકભાવના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૬) જન્મના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૭) ગુણવ્રતના ત્રણ પ્રકાર – (૧) .......... (૨) .......... (૩) ..........

(૮) આપ્તના ત્રણ લક્ષણ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૯) મૂઢતાના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૦) સાધુના ત્રણ ઉપકરણ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૧) ચેતનાના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૨) દર્શનમોહનીયના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૩) કર્મના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૪) બળના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૫) મિથ્યાજ્ઞાનના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૬) લક્ષણના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૭) કરણલબ્ધિના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૮) વસ્તુને જાણવાના ત્રણ સાધન – (૧) .......... (૨) .......... (૩) ..........

(૧૯) શુભલેશ્યાના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

(૨૦) અશુભલેશ્યાના ત્રણ ભેદ – (૧) .......... (૨) .......... (૩) ..........

## (૭૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા પૂરો.)

(૧) જીવ દ્રવ્ય ..................પ્રદેશી હોય છે.

(૨) કાળ દ્રવ્યના ભેદ (૧) .................. અને (૨) ........................ છે.

(૩) ગતિહેતુત્વ આ ........................ દ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૪) જે જીવાદિક પાંચ દ્રવ્યોને રહેવાના સ્થાન આપે છે તેને ................ દ્રવ્ય કહે છે.

(૫) જીવના ભેદ બે : (૧) ............... અને (૨) ............................

(૬) શ્રીરામ ભગવાન ........................ થી મોક્ષ ગયા છે.

(૭) મનુષ્યોના શરીરને .................. શરીર કહેવાય છે.

(૮) જગતમાં ક્ષેત્ર અપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય ................. દ્રવ્ય છે.

(૯) .................. રાણી જિનેન્દ્ર ભગવાનની પૂજા વખતે ગજમોતી ચઢાવતી હતી.

(૧૦) વાસુપૂજ્ય ભગવાન ...................થી મોક્ષ ગયા છે.

---

નીચે આપેલ જીવો અત્યારે કઈ ગતિમાં હશે જણાવો.

(૧૧) મહાવીર પ્રભુ ...................................

(૧૨) ગૌતમસ્વામી ...................................

(૧૩) સીમંધર પ્રભુ ...................................

(૧૪) કુન્દકુન્દસ્વામી ...................................

(૧૫) મરુદેવી માતા ...................................

(૧૬) ત્રિશલા માતા ...................................

(૧૭) ભરત ચક્રવર્તી ...................................

(૧૮) બાહુબલી ...................................

(૧૯) શ્રેણિક રાજા ...................................

(૨૦) સીતાજી ...................................

## પ્રૌઢ માટેના પ્રશ્ન ડિસેમ્બર – ૨૦૧૯ના ઉત્તર

(૧) ૧. ઉપશમ સમ્યક્ત્વ ૨. ઉપશમ ચારિત્ર

(૨) ૧. ઉત્સર્પિણી ૨. અવસર્પિણી

(૩) ૧. ૧૧મું ઉપશાંતમોહ ગુણસ્થાન
૨. ૧૨મું ક્ષીણમોહ ગુણસ્થાન

(૪) ૧. મહાસત્તા ૨. અવાન્તરસત્તા

(૫) ૧. સામાન્ય ૨. વિશેષ

(૬) ૧. કેવળજ્ઞાન ૨. મોક્ષ

(૭) ૧. મિથ્યા એકાંત ૨. સમ્યક્ એકાંત

(૮) ૧. ભોગભૂમિ ૨. કર્મભૂમિ

(૯) ૧. દ્રવ્યપ્રાણ ૨. ભાવપ્રાણ

(૧૦) ૧. પ્રત્યક્ષપ્રમાણ ૨. પરોક્ષપ્રમાણ

(૧૧) ૧. સમ્યગ્દર્શન ૨. સમ્યગ્જ્ઞાન ૩. સમ્યક્ચારિત્ર

(૧૨) ૧. મિથ્યાદર્શન ૨. મિથ્યાજ્ઞાન ૩. મિથ્યાચારિત્ર

(૧૩) ૧. મનયોગ ૨. વચનયોગ ૩. કાયયોગ

(૧૪) ૧. મનોગુપ્તિ ૨. વચનગુપ્તિ ૩. કાયગુપ્તિ

(૧૫) ૧. ઉર્ધ્વલોક ૨. મધ્યલોક ૩. અધોલોક

(૧૬) ૧. કુમતિ ૨. કુશ્રુત ૩. કુઅવધિ

(૧૭) ૧. દેશાવધિ ૨. પરમાવધિ ૩. સર્વાવધિ

(૧૮) ૧. ભવનવાસી ૨. વ્યંતર ૩. જ્યોતિષ

(૧૯) ૧. ઘનોદધિ ૨. તનુવાત ૩. વાતવલય

(૨૦) ૧. શાંતિનાથ ૨. કુંથુનાથ ૩. અરહનાથ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ડિસેમ્બર – ૨૦૧૯ના ઉત્તર

(૧) દિગ્વ્રત

(૨) દિવસ

(૩) દીનબંધુ

(૪) દિગંબર

(૫) દિક્કુમાર

(૬) દિપ્તિ

(૭) દિવાન

(૮) દીક્ષા

(૯) દીપક

(૧૦) દિવ્ય

(૧૧) જૈન

(૧૨) સ્કંધ

(૧૩) અસ્તિત્વ

(૧૪) એકપ્રદેશી

(૧૫) પર્યાય

(૧૬) પ્રમેયત્વ

(૧૭) અનંત

(૧૮) પ્રદેશત્વ

(૧૯) આકાશ

(૨૦) સામાન્ય

**શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ, વાંકાનેર**
**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ**
**સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૮મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમજ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ''ભાવી તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૮મો વાર્ષિક મંગલ 'સમ્યક્ત્વજયંતી' મહોત્સવ તા. ૧૪-૩-૨૦૨૦, શનિવારથી તા. ૧૮-૩-૨૦૨૦, બુધવાર (ફાગણ વદ-૧૦) સુધી પાંચ દિવસનો છે. આ મહોત્સવના પ્રથમ દિવસે તા. ૧૪-૩-૨૦૨૦ના રોજ સવારથી સાંજ સુધી સમ્યક્ત્વધામ વાંકાનેર દર્શનાર્થે જવાનું આયોજન કરેલ છે. તા. ૧૫-૩-૨૦૨૦, રવિવારથી તા. ૧૮-૩-૨૦૨૦, બુધવાર ચાર દિવસ સુધી શ્રી ચોસઠ ઋદ્ધિ મંડળ વિધાન-પૂજા, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મિક સીડી પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, વિદ્વાનોના પ્રવચનો, ધાર્મિક શિક્ષણ વર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ, વાંકાનેર દ્વારા આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૧૬-૨-૨૦૨૦ રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક
શ્રી વાંકાનેર દિગંબર જૈન સંઘ, વાંકાનેરના
જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● અહો ! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણોનો અંત નથી—એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપ જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીર સ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાંસુધી ખરો મહિમા આવે નહિ, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય ને અતીન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય. ૩૯૦.

● જ્ઞાન અને વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. રાગથી ભિન્ન પડેલા જ્ઞાનથી ને રાગની વિરક્તિરૂપ વૈરાગ્યથી ધારાવાહી પુરુષાર્થ કર. યથાર્થ દૃષ્ટિ કરી ઉપર આવી જા એટલે કે રાગથી ભિન્ન પડી જા. પ્રભુ ! તારી ભૂમિકામાં તો અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પાકે એવો તું છો. પુણ્ય-પાપનો કૂવો એ તો ઝેરી ગેસવાળો છે. તેને જોવા જતાં આત્મા મરી જાય છે ને બાજુમાં ચૈતન્ય કૂવો છે તેને જોવા જાય છે ત્યાં ક્રમે ક્રમે કર્મો નાશ પામે છે. સંસાર મરી જાય છે ને જીવ જીવતો થાય છે. ૩૯૧.

● પ્રશ્ન :—તત્ત્વનો નિર્ણય કરવામાં કેટલા વર્ષ કાઢવા ?

ઉત્તર :—કાર્ય થઈ જાય તો અંતર્મુહૂર્તમાં થાય અને નહીં તો જાવજીવ (—આજીવન) એ નિર્ણય કરવામાં કાળ જાય. આમાં કાળનો પ્રશ્ન જ ક્યાં છે ? જેટલું વીર્ય ઉલટામાં રોક્યું છે તેને ગુલાંટ મારીને આ તરફ વાળે તો કાર્ય થયા વિના રહે જ નહીં. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ આપતો નથી ત્યાં સુધી કાર્ય આવતું નથી. ૩૯૨.

● પ્રશ્ન :—આત્માની રુચિ હોય ને અહીં સમ્યક્‌દર્શન ન થાય તો બીજા ભવમાં થાય ?

ઉત્તર :—આત્માની સાચી રુચિ હોય તેને સમ્યગ્દર્શન થાય. થાય ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ હોય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ ન આવવી જોઈએ. વીર્યમાં ઉત્સાહ ને નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ—એમ એના નિર્ણયમાં આવવું જોઈએ. ૩૯૩.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૨૦
અંક-૫ ● વર્ષ-૧૪

Posted at Songadh PO
Publish on 1-1-2020
Posted on 1-1-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**